**સુવિચાર**

ડાળી અને લાકડામાં મૂળ તફાવત એ છે કે ડાળીમાં જીવનરસ વહે છે, જે લાકડામાં અટકી ગયો છે !

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૩૦/૦૭/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ PENDAWALA
શ્રાવણ માસ નિમિતે
બટેકા ટોમેટો
આલુ સેવ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ શ્રાવણ સુદ-૬ વર્ષ : ૧૬ અંક : ૧૯૬

હવે... બદલાશે સારવારની પરીભાષા
કિડની તથા પેશાબ સંબંધિત
રોગોનાં નિષ્ણાંત ડોકટર દ્વારા ખાસ ઓપીડી
આપણા શહેર અમરેલીમાં
તારીખ : ૦૧/૦૮/૨૦૨૫
નિયમિત દર મહિનાના પહેલા શુક્રવારે ઓપીડી
વધુ માહિતી માટે
97146 63537
સમય : સવારે ૧૧:૩૦ થી બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધી
ડો. રોનક ભાલોડિયા
MBBS, MD (Medicine)
DrNB (Nephrology)
કન્સલટન્ટ, નેફ્રોલોજી
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.
નામ લખવા માટે સંપર્ક કરો : 99045 93355 ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૬

## વિશ્વના સૌથી મોટા રાજકીય પક્ષની સરકાર ખેડૂતોની વેદના સમજે

# ભાઇ સા'બ : નીલગાયની સમસ્યાથી ખેડૂતોને કરાવો મુકત

**લાઠી, લીલીયા, દામનગર પંથકનાં ખેડૂતો લોહી-પાણી એક કરીને તૈયાર કરતાં ખેતીપાકોને નીલગાયથી વ્યાપક નુકસાન**

**મોંઘુદાટ બિયારણ, ખાતર, દવા બાદ તૈયાર થતા પાકોને નીલગાય રફેદફે કરી નાખે છે**

**નીલગાયની સાથે અમુક વિસ્તાર ભુંડ નામનું પ્રાણી પણ કરે છે પરેશાન**

**ટેકનોલોજીનાં યુગમાં નીલગાય અને ભુંડની સમસ્યાનો કોઈ વ્યવહારૂ ઉકેલ તો શોધો**



અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લાએ કૃષિ આધારિત છે. જિલ્લાની મોટા ભાગની જનતા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ખેતી આધારિત રોજગારી મેળવી રહી છે. અને ખેતીલક્ષી જ સમગ્ર અર્થતંત્ર ચાલી રહયું છે. અને આ મહત્વનાં ક્ષેત્રનાં ખેડૂતોને સિંચાઈ માટે પાણી, વીજળી, ખાતર, બિયારણનો અભાવ છે. અને સાથોસાથ નીલ ગાય, ભુંડ તેમજ ગીરકાંઠાના ગામોમાં દીપડા, સિંહ, જેવા રાની પશુઓથી પણ ખેડૂતોને સાવચેત રહેવું પડે છે.

અમરેલી જિલ્લાના મોટાભાગનાં વિસ્તારોનાં ખેડૂતો આજે નીલગાય, ભુંડની સમસ્યાથી ત્રાહીમામ પોકારી ચુકયા છે. દરમિયાનમાં લાઠી, લીલીયા, દામનગર પંથકના ખેડૂતોની હાલત અતી દયનીય બની છે. લીલીયાના એકલેરા ગામનાં ખેડૂતે મોંઘુદાટ બિયારણ, દવા, ખાતરનો ખર્ચ કર્યો અને લોહી–પાણી એક કરતી મહેનત કરીને તૈયાર કરેલ પાકમાં ૨૦ થી ૨૫ નો ટોળામાં આવેલ નીલગાયે પાકનો સત્યાનાશ કરી નાખતા ખેડૂતની દયનીય હાલત બની છે.

તદ્ઉપરાંત નીલગાય જેવું ઘોડા જેવી શકિત ધરાવતું પ્રાણી જયારે, ટોળા સ્વરૂપે માર્ગ ક્રોસ કરે ત્યારે અનેક વાહનચાલકો માટે યમદુત બની રહયું છે. અને આ સમસ્યા વર્ષોથી યથાંવત હોવા છતાં વિશ્વનાં સૌથી મોટા રાજકીય પક્ષ ગણાતા ભાજપની સરકાર નીલગાય, ભુંડ કે ખેતરોમાં ધુસી આવતા દીપડા, સિંહની સમસ્યાથી જનતાને મુકત કરાવી શકતી નથી. તે હકીકત છે.

ધરતી અપની મા, ધરતી માતા દયા કરો, મોતી ખેતો મે ભરદો, સોને કી હમે ફસલદો, ખુશીયો કે હમે આંસુ દો...

### શાખપુરથી ગારિયાધાર માર્ગ ઉપરનો બનાવ

## લીલીયા મોટાનાં ખારા ગામનાં યુવકનું બાઈક અકસ્માતમાં મોત નિપજયુ

**માથાનાં ભાગે ગંભીર ઈજા થવાથી થયુ મોત**

અમરેલી, તા. ૨૯

લીલીયા તાલુકાના ખારા ગામે રહેતા પ્રવીણભાઈ લવજીભાઈ પરમાર તેમજ તે જ ગામે રહેતા મિત્ર અજયવિપુલભાઈ શિહોરા નામના ૨૫ વર્ષિય યુવક પોતાના હવાલાનું મોટર સાયકલ નં. જી.જે.–૧૪એઈ–૦૨૮૮ નું લઈ મોટર સાયકલ ચલાવવાના લાયસન્સ વિના પુરપાટ ઝડપે અને બેફીકેરાઈથી ચલાવી ગત તા. ૨૭ના રાત્રીના આશરે આઠેક વાગ્યાની આસપાસ શાખપુરથી ગારિયાધાર રોડ શાખપુર ગામના રોડ ઉપર ગાય સાથે અથડાવી દઈ ચાલક અજયવિપુલભાઈ શિહોરા મોટર સાયકલ ઉપરનો કાબુ ગુમાવી દેતા મોટર સાયકલ સાથે રોડ ઉપર પડી જતા ચાલક અજય વિપુલભાઈ શિહોરાનું રોડ સાથે માથુ ભટકાતા માથાના ભાગે ગંભીર ઈજા તથા શરીરે નાની–મોટી ઈજા થતા તેમનુ મોત નિપજયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

## અમરેલી, બોટાદ, જુનાગઢ સહિતનાં જિલ્લામાં બાઈક ચોરી કરનાર શખ્સ ઝડપાયો

**રૂપિયા ૨.૧૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરાયો**

અમરેલી, તા. ૨૯

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.વી.એમ. કોલાદરાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ ગઈકાલે રાત્રીના સમયે બગસરા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય. તે દરમ્યાન તેમને મળેલ બાતમીના આધારે બગસરા ગામે આવેલ નટવરનગરમાં સીદીકી મસ્જીદ પાસે રહેતા અસ્લમ આમદભાઈ પબડા નામના ઈસમને શંકાસ્પદ મોટર સાયકલ સાથે પકડી પાડી, મોટર સાયકલ અંગે મજકુરની સઘન પુછપરછ કરતા તેઓએ પોતે રાજુલા, બોટાદ, ગોંડલ, જુનાગઢ વિસ્તારમાંથી કુલ–૮ મોટર સાયકલોની



ચોરી કરેલ હોવાની કબુલાત આપી હતી. આમ આ ઈસમે ચોરી કરેલ મોટર સાયકલો કબ્જે કરી, ચોરીના મોટર સાયકલ અંગે રાજુલા પોલીસ સ્ટેશનના ૨, બોટાદ પોલીસ સ્ટેશનનો–૧, જુનાગઢ બી. ડીવી. પોલીસ સ્ટેશનના–૩, ગોંડલ બી.ડીવી. પોલીસ સ્ટેશનના–૨ મળી કુલ–૮ મોટર સાયકલ કિંમત રૂપિયા ૨,૧૫,૦૦૦ના મુદામાલ સાથે ઝડપી લઈ આ આઠ ગુનાઓનો ભેદ ઉકેલવામાં અમરેલી એલ.સી.બી. ટીમને સફળતા મળેલ છે.

### પાણી અને શિકારની શોધમાં સિંહો જયાં ત્યાં ફરતા હોવાથી

## અમરેલી જિલ્લામાં એશિયાનાં ગૌરવસમા સિંહોની હાલત સ્ટ્રીટ ડોગ જેવી થઈ ગઈ

**જાફરાબાદનાં જીકાદ્રી ગામે સિંહની પજવણી થતી હોવાનો વિડીયો વાયરલ**



અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લામાં ગીર તથા ગીરકાંઠાના વિસ્તારમાં વિહરતા અતિ મુલ્યવાન એશિયાટિક સિંહોની હાલત છેલ્લા ઘણાં જ સમયથી ।ન જેવી થઈ ગઈ હોય. જિલ્લામાં છાશવારે સિંહોની પજવણી કરવામાં આવતી હોવા અંગેની ઘટના સામે આવે છે. ત્યારે જાફરાબાદ તાલુકાના જીકાદ્રી ગામે પાણી અને શિકારની શોધમાં આવેલા બે સિંહોનો પજવણી કરતાં હોવાનો વધુ એક વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં સિંહ પ્રેમીઓમાં આવી ઘટનાથી ભારે રોષ ભભુકી ઉઠયા છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ જાફરાબાદ તાલુકાના જીકાદ્રી ગામે પાણી અને શિકારની શોધમાં બે સિંહોનો ઘુસી આવ્યા હતાં. ત્યારે એક બાઈક સવાર ત્યાં આવી અને

અનુસંધાન પાના ૬ ઉપર

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
(૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૮૨

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

# પૂર્વ કોંગી સાંસદે પ્રાંત અધિકારી સમક્ષ ફરિયાદી બનીને અરજ કરી

# અમરેલીમાંથી ગંદકી, અંધારપટ્ટ, ઘોંઘાટ સહિતની સમસ્યા દૂર કરો

## શહેરમાં અનિયમિત પાણી, રખડતા પશુઓ, બિસ્માર માર્ગો સહિતની સમસ્યાનું નિરાકરણ કરવા સીઓને સુચના આપવા માંગ કરી

અમરેલી, તા. ૨૯

અમરેલી શહેરની દોઢ લાખ જનસંખ્યા અપુરતી સ્ટ્રીટલાઈટ, રખડતા પશુઓ, અનિયમિત પાણી વિતરણ, બિસ્માર માર્ગો, ગંદકી, બંધ જાહેર શૌચાલયો જેવી અગણિત સમસ્યા વચ્ચે જીવન પસાર કરી રહ્યા છે અને અધુરમાં પુરૂ હોય તેમ શહેર ઉપરાંત સતત ૧૬ થી ૧૮ કલાક સુધી ટચુકડા વિમાનોનાં ઘોંઘાટથી શહેરીજનોની હાલત અતિ દયનિય બની ચુકી છે. અમરેલીનાં પૂર્વ સાંસદ અને કોંગી નેતાએ આજે પ્રાંત અધિકારી સમક્ષ ફરિયાદી બનીને અરજ દાખલ કરી છે.

તેઓએ જણાવેલ છે કે,

## અમરેલી પંથકની ૨ લાખની જનતાની માનસિક શાંતિ હણનાર હવાઈ ટ્રેનિંગ સેન્ટરની યોગ્યતાં તપાસવા માંગ કરી

અમરેલી વિસ્તાર નગરપાલિકા સંસ્થા દ્વારા અમરેલી શહેર વિસ્તારનાં રહીશોને સંસ્થા તરફથી આપવાપાત્ર સગવઠતામાં રોજ નિયમિત પીવાનું પાણી પુરૂ પાડવા, શહેરી વિસ્તારમાં સ્ટ્રીટલાઈટની પુરી સગવડતા આપવી તેમજ સફાઈના ભાગરૂપે નિયમિત સફાઈ થઈ રોડ રસ્તા સરફેસથી સારા રોડ રસ્તાની સગવડતા પુરી પાડવામાં નિષ્ફળ રહ્યા સબબ તેમજ શહેરી વિસ્તારમાં ટ્રાફીક અડચણ, આડેધડ પાર્કીંગ તથા રોડ ઉપર રખડતા ઢોરનાં કારણે અવાર–નવાર અકસ્માત થાય છે.

વધુમાં જણાવેલ છે કે,

## શહેરીજનો ઉપર સતત ઘોંઘાટ કરતાં ભંગાર જેવા ટચુકડા વિમાનની ચકાસણી પણ જરૂરી

અમરેલી શહેર વિસ્તારમાં અમરેલી નગરપાલિકા દ્વારા શહેરીજનોને મળતી સુખ સગવડતાના ભાગરૂપે સફાઈ સબંધે પીવાના પાણી પુરૂ પાડવા સબંધે કે શહેરી વિસ્તારમાં શહેરમાં પાણીની પાઈપલાઈન પાથરેલ લાઈનમાં અવાર–નવાર ભંગાણ થવા સબબ તેમજ અન્ય રોડ રસ્તાના ખાડા કારી ખાડામાં પુરાણ નહી કરવા કે સરફેસ કામ નહી કરવાની તમામ પ્રકારની કાર્યવાહીમાં નિષ્ફળ રહેલ છે.

વધુમાં જણાવેલ છે કે, અમરેલી પ્લેન ઓથોરીટીના સંલગ્ન

## અકસ્માતની ઘટના બને તે પહેલા તમામ જરૂરી કાર્યવાહી કરવા માંગ કરી

અધિકારી દ્વારા તથા પ્લેનથી ટ્રેઈનીંગ આપતા ટ્રેઈનર દ્વારા તેમજ પ્લેન માલીક દ્વારા ખખડધજ પ્લેનથી ટ્રેઈનીંગ આપી અપાવી અમરેલી શહેર રહેણાંક વિસ્તારમાં ટ્રેઈનીંગ આપવાની કાર્યવાહીથી અમરેલી શહેરી વિસ્તારના લોકોની સલામતી અને શાંતિમાં ખલેલ અને અસલામતી સબબની રજૂઆત મુજબ આ અરજનાં કારણે વિગતે લક્ષમાં તમામ સામાવાળા વિરૂધ્ધ જયુડીશયલ મેજીસ્ટ્રેટ કાયદા અન્વયે કાર્યવાહી ચલાવી યોગ્ય આદેશ હુકમ ફરમાવવા અંતમાં માંગ કરેલ છે.

## ભાજપની ''ચંદા દો... ધંધા લો''ની નીતિનો વધુ એક બનાવ

# આલે લે : છોટા ઉદેપુરની ૨૨૫ કરોડની કેનાલમાં પાણી છોડાય તે પહેલા જ ભ્રષ્ટાચારનાં મોટા ગાબડા

### નબળા બાંધકામ કરનાર કંપનીએ ૩૮ લાખનુ ફંડ ભાજપને આપેલ

અમદાવાદ, તા. ૨૯

છોટા ઉદેપુર જીલ્લાના ત્રણ તાલુકામાં સુખી જળાશય યોજના હેઠળ સિંચાઈના લાભ માટે રૂ. ૨૨૫ કરોડના ખર્ચે કેનાલોની ફાળવણી જે પૈકી રૂ ૧૧૭ કરોડના ખર્ચે બનતી કેનાલોના કામમાં મોટા પાયે ભ્રષ્ટાચારના મસમોટા ગાબડા સામે આવ્યા છે. આ કેનાલોના નબળા બાંધકામ કરનાર શિવાલય ઈન્ફ્રા પ્રોજેક્ટએ ૩૮ લાખ રૂપિયા અને એસ.બી. પટેલ એજન્સીએ ૭ લાખ રૂપિયા જેટલું ફંડ ભાજપાને જમા કરાવ્યું છે. ભાજપાની ''ચંદા દો... ધંધા લો'' ની નીતિ અનુસાર કરોડો રૂપિયાના વધુ એક કૌંભાડ અંગે તટસ્થ તપાસની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવકતા ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, સુખી જળાશય યોજનામાં સિંચાઈ વિભાગના એકિઝકયુટીવ એન્જિનિયરની કચેરીને તા. ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૩ ના ઓ જ સિંચાઈ વિભાગના સચિવ દ્વારા રૂ. ૨૨૫ કરોડના કામો માટેની વહીવટી મંજુરી આપવામાં આવી હતી. જેમાં રૂ. ૧૧૭ કરોડના બે પેકેજ કેનાલો બનાવવા માટે તૈયાર કરી ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતા. વડોદરાની શિવાલય ઈન્ફ્રા નામની એજન્સીને તા. ૧૫ માર્ચ ૨૦૨૪ના રોજ રૂ. ૭૦ કરોડના કામોનો વર્કઓર્ડર ૨૧ કી.મી. કેનાલો બનાવવા માટે આપ્યો હતો. અને રૂ. ૬૮ કરોડનું ચુકવણું પણ કરી દેવાયું હતું. આ ઉપરાંત બીજા પેકેજમાં વડોદરાની એસ.બી. પટેલ નામની એજન્સીને રૂ ૪૭ કરોડનો વર્ક ઓર્ડર તા. ૩ ડીસેમ્બર ૨૦૨૪ના રોજ અપાયો છે. જેને તા. ૨ ડીસેમ્બર ૨૦૨૫ સુધી કામ પૂર્ણ કરવાની મુદ્દત અપાઈ છે અને તેને રૂ. ૧૮ કરોડ પણ ચૂકવી દેવાયા છે. બંને એજન્સીઓ દ્વારા કરાયેલા કામોમાં યોગ્ય કામ નહિ થતા કેનાલોમાં મોટા ગાબડા પડતા ભ્રષ્ટાચાર ખુલ્લો પડી ગયો છે.

ગુણવત્તા નિયમનની કચેરીના એન્જીનીયરોને ભ્રષ્ટાચારની તપાસ સોંપવામાં આવી છે અને છોટા ઉદેપુર જીલ્લાના ત્રણ તાલુકામાં બનેલી કેનાલો તેમજ પંચમહાલ જીલ્લાના જામ્બુઘોડા તાલુકામાં બનેલી કેનાલોના કોન્ક્રીટના સેમ્પલો ટેસ્ટીંગ માટે લીધા છે. ૪૦ વર્ષ પછી કેનાલોના કામો હાથ ધરવામાં આવ્યા અને તેમાં પણ ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યા હોવાનું ખુલ્લું થયું છે. કેનાલના કામો દરમિયાન કોન્ક્રીટના કામ દરમિયાન માટીપુરાણ અને પાણી છાંટવાની કામગીરી યોગ્ય રીતે નહિ થતા કેનાલમાં પાણી છોડતા પહેલા જ કેનાલમાં ગાબડા પડવાનું શરૂ થઈ ગયું છે. ભાજપની ''ચંદા દો... ધંધા લો''ની નીતિનો વધુ એક કૌંભાડની તટસ્થ તપાસની માંગ કોંગ્રેસ પક્ષ કરે છે.

## અનાજ–કરીયાણા વેપારી એસોસીએશનની બેઠકમાં નાયબ દંડકનું વચન

# અરે વાહ : અમરેલીનાં નાગરિકો ટાવર ઉપર બેસીને ચા પીશે અને સાથે શહેરનો નજારો પણ નિહાળશે

### શહેરમાં ચારે દિશાઓમાં વણથંભી વિકાસયાત્રા ચાલી રહી છે



અમરેલી, તા. ૨૯

અમરેલી ખાતે રવિવારે સાંજના સમયે અમરેલી અનાજ કિરાણા રિટેઈલ મરચન્ટ એસોસિએશનની યોજાયેલ વાર્ષિક બેઠકમાં અધ્યક્ષ સ્થાનેની અમરેલીના ધારાસભ્ય અને રાજય વિધાનસભાના મુખ્ય નાયબ દંડક કૌશિક વેકરીયાએ જણાવ્યું હતું કે, અમરેલીના આ ઐતિહાસિક ટાવરની રોનક ફરીથી પાછી ફરશે અને અમરેલી શહેરનો નજારો જો શહેરીજનો પોતાના પરિવાર સાથે લોકો ટાવરની ઉપર બેસીને ચા પાણી પી શકશે અને તે માટે થઈ અમરેલીના ઐતિહાસિક ટાવરની મરામત માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

અમરેલી અનાજ કિરાણા રિટેઈલ મરચન્ટ એસોસિએશન દ્વારા વાર્ષિક મીટીંગનું આયોજન રવિવારે સાંજે કરવામાં આવ્યું હતું. જેમાં અમરેલીના ધારાસભ્ય અને વિધાન સભાના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયાએ વધુમાં જણાવ્યું હતું કે, અમરેલીમાં વિજ્ઞાન કેન્દ્ર, પ્રાકૃતિક ખેતી માટેની કોલેજ, બાયપાસ રોડ ઉપર નવું ફાયર સ્ટેશન, અમરેલી શહેર ફરતે અધુરો રહેલો રીંગરોડનું કામ પુર્ણ કરાશે, રાજમહેલનું રીનોવેશન, લાલાવદર પાસે જિલ્લા કક્ષાનું સ્પોર્ટ સંકુલ, અમરેલી–લીલીયા તથા અમરેલી–કુંકાવાવ ઉપર ફોરલેન માર્ગ સહિતના કામો પ્રગતિ હેઠળ છે.

આ કાર્યક્રમમાં એસોસિએશનના પ્રમુખ ચતુરભાઈ અકબરી દ્વારા આ અસોસિએશન દ્વારા કરવામાં આવતી કામગીરીની રૂપરેખા આપવામાં આવી હતી અને આગામી દિવસોમાં વેપારીઓના પ્રવાસ યોજવાની પણ જાહેરાત કરવામાં આવી હતી. અમરેલીના જાણીતા ઉદ્યોગપતિ દિનેશભાઈ ભુવાએ પોતાને કારકિર્દીની રૂપરેખા આપી હતી અને અમરેલીમાંથી જ વિશ્વભરમાં બિઝનેસ વિકસાવી શકાય છે તેનું ઉદાહરણ પૂરૂં પાડયું હતું.

દરમિયાન અમરેલીના જાણીતા વેપારી કાળુભાઈ ભંડેરીએ જણાવ્યું કે, જો વેપારમાં પ્રમાણિકતા રાખશો તો ધંધામાં બરકત વધશે. વેપાર કરવા બેઠા છીએ એટલે નફો તો ઉમેરવો જ પરંતુ ગ્રાહકને હંમેશા ભગવાન ગણવા અને એ પ્રકારની સેવાઓ આપવી તેનાથી ધંધામાં તમને જ વધારે લાભ થશે. કપરા કાળમાં કર્મચારીઓને છૂટા કરવા નહીં પણ વેપારમાં હરીફાઈ કરવાના બદલે કર્મચારીઓ રાખવામાં હરીફાઈ કરવી જોઈએ.

અમરેલીના જાણીતા વેપારી કેતનભાઈ સોનીએ જણાવ્યું કે, પોતાની દુકાન ખોલવામાં હંમેશા સમયનું પાલન કરો. વેપારની શરૂઆત કરતા પહેલા સામુહીક રીતે પ્રાર્થના કરો, તેનાથી પણ લાભ થશે. ડો. ભરતભાઈ કાનાબારે કર્મચારીઓને પણ પોતાના પરિવારની જેમ રાખવા માટેની શીખ આપી હતી. જયારે ડો. દેસાણીએ સાયબર ફ્રોડથી બચવા માટે માર્ગદર્શન આપ્યું હતું.

આ કાર્યક્રમમાં અમરેલીના કરિયાણા રિટેલ વેપાર સાથે જોડાયેલા શહેર ભરના વેપારી આગેવાનો જીતુભાઈ ગોળવાળા, હરેશભાઈ સાદરાણી, ભુપતભાઈ મેતલિયા, કાળુભાઈ રૈયાણી, ડો. જી.જે. ગજેરા, ડો. કિરીટભાઈ દેશાણી, જીલુભાઈ વાળા, મજબુતભાઈ બસિયા, યોગેશ ગણાત્રા સહિતના મોટી સંખ્યામાં વેપારીભાઈઓ ઉપસ્થિત રહયા હતાં.

# શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસના ભાઈઓ ખેલાડીઓએ SGFI કબડ્ડી રમતમાં U–૧૭ સુવર્ણ અને U–૧૪, ૧૯ સીલ્વર મેડલ પ્રાપ્ત કર્યા



અમરેલી, તા. ૨૯

તારીખ ૨૬ જુલાઈ ૨૦૨૫ના રોજ ૬૯મી શાળાકીય તાલુકા SGFI કબડ્ડી સ્પર્ધાનું આયોજન અમરેલી ખાતે કરવામાં આવેલ હતું, જેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ અને શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ તેમજ જ્ઞાન શકિત રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સેલન્સના હોનહારના U–૧૪, U–૧૭, U–૧૯ ટીમો દ્વારા પાર્ટિસિપેશન કરવામાં આવેલ. આ પ્રતિસ્પર્ધામાં વિવિધ શાળાઓની ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેમાં એસ.એચ. ગજેરા કેમ્પસના ખેલાડીઓએ શ્રેષ્ઠ કુશળતા, ટીમ વર્ક અને પ્રતિબદ્ધતાના આદરશ રજૂ કરતાં તમામ મેચોમાં વિજય હાંસલ કરીને પ્રથમ અને દ્રિતીય સ્થાન મેળવ્યું છે તેમાં અંડર–૧૭ માં (વ્યાસ ક્રિષ્ના વિવેકભાઈ, ગઢીયા તન્મય મનીષભાઈ સોરઠીયા આર્યન કિશોરભાઈ, ડેરવાળિયા સુમિત અશોકભાઈ, અગ્રાવત આર્યન ભરતભાઈ, સાંખટ તુષાર ભરતભાઈ, નિમાવત હર્ષ રાજુભાઈ, હુકણ હાર્દિક માણાભાઈ, ગોંડલીયા કાવ્ય મનોજભાઈ, પરમાર પ્રિન્સ ગોરધનભાઈ, ઝાપડિયા અમિત પ્રવીણભાઈ, પરવાડીયા જીત રોહિતભાઈ) કબડ્ડી ટીમ ખેલાડીઓએ પ્રથમ સ્થાન મેળવેલ, તેમજ અંડર–૧૪ અને અંડર–૧૯ ડાભી કિસ્મત સંજયભાઈ લાખણોત્રા નરેશ શીવાભાઈ, મેર જતીન મોહનભાઈ, ઝાપડીયા આદિત્ય મનસુખભાઈ, લાખણોત્રા સંજય સાવજભાઈ, વંશ વિરાજ રમેશભાઈ, દાફડા અનિરૂધ્ધ મનસુખભાઈ, ભાલીયા કિશન શામજીભાઈ, પાટીયા દર્શન હનુભાઈ, કામજળીયા વિવેક વિજયભાઈ, જાદવ હિતેશ રમેશભાઈ દ્રિતીય સ્થાન મેળવેલ, અનુભવી તજજ્ઞો દ્વારા શિક્ષણ કાર્ય તેમજ વિદ્યાર્થીઓએ રમત–ગમત ક્ષેત્રે સતત અનુભવી કોચ દ્વારા પ્રશિક્ષણ મેળવી સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી દ્વારા સ્પર્ધકો અને ટ્રેનરને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# બાબરા : વેલનાથ પ્રગતિ મંડળનાં પ્રમુખ તરીકે સુરેશભાઈ ધાખડા બિનહરિફ

બાબરા, તા. ૨૯

બાબરામાં સુવાળીયા ઠાકોર સમાજના અગ્રણી સુરેશભાઈ ધાખડાની વેલનાથ પ્રગતિ મંડળના પ્રમુખ તરીકે સર્વાનુમતે બિનહરીફ વરણી થતા સુવાળીયા ઠાકોર સમાજ સહિત તમામ સમાજના અગ્રણીઓ રાજકીય અને સામાજિક અગ્રણીઓ દ્વારા વરણીને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

અમરાપરા ગામના ગ્રામ પંચાયતના સભ્ય તરીકે તેઓ સેવા આપી ચુકયા છે તેમજ સુવાળીયા ઠાકોર સમાજના પ્રમુખ તરીકે અને અગાવ વેલનાથ પ્રગતિ મંડળના પ્રમુખ તરીકે સફળ કામગીરી કરી ચુકયા છે ત્યારે સમાજ દ્વારા સુરેશભાઈ ધાખડાને ફરીવાર વેલનાથ પ્રગતી મંડળના પ્રમુખ તરીકે જવાબદારી મળતા તેઓ દ્વારા



સહર્ષ સ્વીકાર કરી સમાજના કાર્યમાં પહેલાની જેમ સૌને સાથે કામ કરતો રહીશ તેવું જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે બાબરા શહેર અને તાલુકામાં સુવાળીયા ઠાકોર સમાજની મોટી વસ્તી અને વેલનાથ પ્રગતિ મંડળ તેની એક પાંખ છે જે વેલનાથ બાલીપ્રાગટ્ય મહોત્સવ સહિતની સમાજ લક્ષી કામગીરી કરી રહ્યું છે.

# માંગવાપાળ, વરૂડી, નાના ભંડારીયામાં મચ્છરોનાં નાશ માટે દવા છંટકાવ



અમરેલી, તા. ૨૯

ચોમાસાની ઋતુમાં વરસાદના બંધિયાર પાણીના ખાડા તેમજ વરસાદી પાણી ભરાયેલ વાસણોમાં મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા જેવા ઘાતક રોગો ફેલાવતા મચ્છનો ઉપદ્રવ થતો હોય તેને અટકાવવા માટે અને આવા મચ્છરોનો નાશ કરવા માટે થઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોટા આંકડીયાના સબ સેન્ટર એવા નાના ભંડારીયાના સેજાના ગામો માંગવાપાળ, વરૂડી અને નાના ભંડારીયામાં જિલ્લા મેલેરિયા અધિકારી ડો. એ.કે. સીંગ, તાલુકા આરોગ્ય અધિકારી, ડો. જાટ, મેડિકલ ઓફિસર મોટા આંકડીયા તેમજ રાજેન્દ્રભાઈ ડાભીના માર્ગદર્શન હેઠળ પ્રિયાંગભાઈ દાફડા ધ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોટા આંકડીયાના એમ્બ્યુલન્સના ડ્રાઈવર ગિરીશભાઈ ગોહિલ અને વેકટર કંટ્રોલને સાથે રાખીને ડાયફલુરોબેન્જોરિન દવાનો છંટકાવ કરવામાં આવેલ હતો. તેમજ લોકોને ઘર તેમજ ઘરની આસપાસમાં પાણીના ભરાઈ રહે તેમજ નાના ખાડા હોય તો બળેલું ઓઈલ નાખવા અથવા માટીથી ખાડના પુરાણ કરવા તેમજ લોકોને ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકનગુનિયાથી બચવાના ઉપયો વિશે સમજાવેલ હતા.

## ગાયત્રી શકિતપીઠમાં બિરાજમાન

# અમરેલીના દક્ષેશ્વર મહાદેવને ભસ્મલેપન શુંગાર કરવામાં આવ્યો

### શિવભકતોએ દર્શન કરી ધન્યતા અનુભવી

અમરેલી, તા. ૨૯

અમરેલીના સુપ્રસિધ્ધ ગાયત્રી શકિતપીઠનાં પટ્ટાંગણમાં બિરાજમાન દક્ષેશ્વર મહાદેવને પવિત્ર શ્રાવણ માસનાં પ્રથમ સોમવારે ભસ્મલેપન શૃંગાર કરવામાં આવેલ.

સમગ્ર શ્રાવણ માસ દરમિયાન દરરોજ સાંજે શિવજીને દીપમાળા, પ્રગટાવીને, આરતી અને સંધ્યા વંદન કરવામાં આવે છે. શિવભકતો સંધ્યા આરતીનાં લાભ લઈ અતી સુંદર દીપમાળાનાં પ્રકાશપુંજમાં ભાવવિભોર બની ભગવાન ભોળાનાથને પ્રાર્થના કરી ધન્યતા અનુભવે છે.



## મોટર એકિસડન્ટ કલેમ્સ ટ્યુબિનલ કોર્ટનો ચુકાદો

# અમરેલીનાં અકસ્માત કેસમાં મોતને ભેટેલ યુવકનાં વારસદારને ૩૫ લાખ મળશે

### અરજદાર તરફે એડવોકેટ જે.આર. વાળા રોકાયેલ

અમરેલી, તા. ૨૯

અમરેલીથી બાબરા ગાડી લઈને અરજદાર જતા હોય રસ્તામાં ચિત્તલ પહેલા એક ટ્રક સાથે વાહન અથડાતા બનાવ સ્થળે જીગ્નેશભાઈનું મૃત્યુ થયેલ તે કામે બધા પુરાવા એકત્ર કરી મોટર એકસીડન્ટ ક્લેમ્સ ટ્રયુબિનલ



કોર્ટમાં પિટિશન વારસો દ્વારા કરવામાં આવેલ જે કામે પુરાવાઓ તપાસતા નામદાર ટ્રયુબિનલ દ્વારા વારસોને રકમ રૂપિયા ૩૫ લાખ ચૂકવવા હુકમ કરેલ જે કામે અરજદાર તરફે વિધવાન ધારાશાસ્ત્રી જે.આર. વાળા રોકાયેલા હતા.

### ભારત-યુએસ વેપાર સંબંધો મુદ્દે હજુ પણ મૂંઝવણ

# ડેડલાઈન નજીક પણ ભારત-અમેરિકા ટ્રેડ ડીલ ફરી અટવાઈ

## આ મામલા સાથે જોડાયેલા લોકોએ જણાવ્યું કે, હજુ વેપાર કરારમાં વધુ સમય લાગી શકે છે

અમેરિકા, તા.૨૯

અમેરિકા દ્વારા લાદવામાં આવેલા રેસિપ્રોકલ ટેરિફની ડેડલાઈનને આડે હવે માત્ર બે દિવસ બાકી છે. બીજી તરફ ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરાર મુદ્દે અનિશ્ચિતતાઓ જળવાઈ રહી છે. બંને પક્ષે વાટાઘાટો ચાલી રહી હોવા છતાં હજુ સુધી નક્કર જાહેરાત કરવામાં આવી નથી. આ મામલા સાથે જોડાયેલા લોકોએ જણાવ્યું કે, હજુ વેપાર કરારમાં વધુ સમય લાગી શકે છે.

યુએસ ટ્રેડના પ્રતિનિધિ જેમિસન ગ્રીરે જણાવ્યું હતું કે, ભારત સાથે વધુ વાટાઘાટોની જરૂર છે. તેમણે જણાવ્યું કે, ભારતના સ્થાનિક બજારને સુરક્ષિત રાખવાના લાંબા સમયથી ચાલતા અભિગમના કારણે વેપાર કરારમાં અમુક વસ્તુઓ વધુ જટિલ બની છે. જેથી વધુ સમય લાગી રહ્યો છે. અમે ભારત સાથે વાતચીત કરી રહ્યા છીએ. તેઓએ પોતાના માર્કેટમાં અમારા માટે તકો ખુલ્લી મુકવા સમર્થન આપ્યું હતું. પરંતુ અમારે અમારા મિત્ર દેશ ભારત સાથે વધુ વાટાઘાટ કરવાની જરૂર છે કે, વાસ્તવમાં તેઓ શું ઈચ્છે છે.

ગ્રીરે વધુમાં જણાવ્યું કે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અપેક્ષા રાખે છે કે વેપાર કરાર નોંધપાત્ર રીતે બજારો ખોલશે, જેમાં ભાગીદાર દેશના અર્થતંત્રના મોટા ભાગો સુધી પહોંચી શકાશે. પરંતુ ભારત સાથે સમજવા જેવી વાત એ છે કે તેની વેપાર નીતિ ઘણા લાંબા સમયથી ચાલતાં તેના સ્થાનિક બજારને મજબૂત રીતે સુરક્ષિત રાખવા પર આધારિત છે. તેઓ આ અભિગમ પર બિઝનેસ કરે છે. જેના લીધે વેપાર કરારમાં અડચણો ઉભી થઈ છે.

ભારતના વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલે અગાઉ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, વેપાર કરારમાં ૨૬ ટકા ટેરિફ લાદવાનો પ્રસ્તાવ રદ કરવામાં આવી શકે. પરંતુ ગત સપ્તાહે તેમણે નિવેદન આપ્યું હતું કે, ભારત-યુએસ વેપાર સંબંધમાં કોઈ મુદ્દા પર અડગ નથી. હાલ ચાલી રહેલી વેપાર મંત્રણામાંઈમિગ્રેશન-એચ૧બી વિઝા જેવા મુદ્દાઓ પર કોઈ ચર્ચા થઈ નથી. ભારત અને અમેરિકા વેપાર કરારમાં વિલંબ પાછળનું એક કારણ એલ્યુમિનિયમ અને તાંબા પર અમેરિકા તરફથી લાદવામાં આવેલો ઊંચો ટેરિફ છે. ભારત સ્ટીલ અને એલ્યુમિનિયમ પર લાગુ ૫૦ ટકા અને ઓટો સેક્ટરમાં ૨૫ ટકા ટેરિફમાં રાહત ઈચ્છે છે. જ્યારે ડેરી અને કૃષિ પ્રોડ્કટ્સ પર અમેરિકાને કસ્ટમ ડ્યુટીમાં રાહત આપવાના પક્ષમાં નથી. કારણકે, તેની સીધી અસર ભારતના સમૃદ્ધ કૃષિ સેક્ટર પર પડશે. ખેડૂતોને મોટું નુકસાન થશે.

બીજી તરફ અમેરિકા ઈચ્છે છે કે, ભારત પેટ્રોકેમિકલ્સ, ડેરી પ્રોડક્ટ્સ, ડ્રાય ફ્રૂટ્સ, ગાડીઓ અને ઔદ્યોગિક સામાનો પર લાગુ ટેરિફ ઘટાડે. વધુમાં અમેરિકા દ્વારા કેળા, જુતા-ચપ્પલ, પ્લાસ્ટિક અને હસ્તકળા જેવી પ્રોડક્ટ્સ પર ટેરિફના દરો ઘટાડવા મુદ્દે સહમતિ બની રહી નથી.

અમેરિકાએ ૧ એપ્રિલના રોજ રેસિપ્રોકલ ટેરિફ લાદ્યો હતો. પરંતુ બાદમાં તેમાં ૯૦ દિવસની રાહત આપી હતી. ત્યારબાદ ટ્રમ્પે ૯ જુલાઈના રોજ લાગુ થનારા રેસિપ્રોકલ ટેરિફને ફરી લંબાવી ૧ ઓગસ્ટે લાગુ કરવાની જાહેરાત કરી હતી. ડેડલાઈન લંબાવવા પાછળનું કારણ ભારત સહિત અન્ય દેશો સાથે વેપાર કરાર મુદ્દે ચાલી રહેલી મંત્રણાઓ હતી. હવે ફરી પાછું અમેરિકાના પ્રતિનિધિનું ભારત સાથે વધુ વાટાઘાટોની જરૂરનું નિવેદન આ ડેડલાઈનમાં વધારો કરશે કે કેમ તેના પર આશંકાઓ ઉભી કરી રહ્યું છે.

ભારત-યુએસ વેપાર કરાર મુદ્દો અટવાયેલો હોવા છતાં બંને વચ્ચે મજબૂત વેપાર સંબંધ છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિકમાં ભારતની અમેરિકામાં નિકાસ ૨૨.૮ ટકા વધી ૨૫.૫૧ અબજ ડોલર થઈ હતી. જ્યારે અમેરિકામાંથી આયાત ૧૧.૬૮ ટકા વધી ૧૨.૮૬ અબજ ડોલર નોંધાઈ હતી.

### વીશળ ગામે એક વિવાદ ચર્ચાનો વિષય બન્યો

# હડમતીયા ગામે આપ અને ભાજપના કાર્યકર્તાઓ આમને-સામને આવી ગયા

## વિવાદનું કારણે એક દીવાલ હતી, જેના કારણે ગામમાં તણાવની સ્થિતિ સર્જાઈ હતી. ત્યારે આ વિવાદ હજુ ખતમ નથી થઈ રહ્યો

જૂનાગઢ,તા.૨૯

બે દિવસ પહેલાં જૂનાગઢના ભેસાણ તાલુકાના હડમતીયા (વીશળ) ગામે એક વિવાદ ચર્ચાનો વિષય બન્યો છે. જ્યાં આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલિયા અને ભાજપના સ્થાનિક નેતાઓ આમને-સામને આવી ગયા હતા. જોકે, આ વિવાદનું કારણે એક દીવાલ હતી. જેના કારણે ગામમાં તણાવની સ્થિતિ સર્જાઈ હતી. ત્યારે આ વિવાદ હજુ ખતમ નથી થઈ રહ્યો અને મંગળવારે (૨૯ જુલાઈ) ફરી બંને પક્ષના નેતા આમને-સામને આવી ગયા હતા. જેના કારણે પરિસ્થિતિ ન વકરે તે માટે પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચવું પડ્યું હતું.

નોંધનીય છે કે, બે દિવસ પહેલાં ગોપાલ ઈટાલિયા દ્વારા હડમતીયા (વીશળ) ગામમાં એક ઘરની બહાર ખડકી દેવામાં આવેલા બેલા હટાવી લેવાયા હતા. આ દરમિયાન ગોપાલ ઈટાલિયાએ સ્થાનિક લોકોને આ પરિવારની મદદ કરવા અને તેમનો સાથ આપવા માટે અપીલ કરી હતી. જોકે, ત્યારબાદ આ બેલાનું રાજકારણ ગરમાયું હતું.

ભેસાણ તાલુકાના વિશળ ગામમાં હલાણ (આવવા-જવાનો રસ્તો)ને લઈને બે પરિવારો વચ્ચે છેલ્લાં ૮ વર્ષથી વિવાદ ચાલે છે અને આ વિવાદ હાલ કોર્ટમાં છે. જોકે, આ દરમિયાન આપ ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ ગામમાં હલાણ બંધ કરવા માટે ડેલી આડા રાખેલા બેલાને ખસેડી નાંખતા વિવાદ વકર્યો હતો. બેલા હટાવતા ઈટાલિયાએ કહ્યું કે, 'હું આ બેલા હટાવું છું અને જોઉં છું કે, પાછા કોણ આ અહીં મૂકે છે.'જોકે, ઈટાલિયાના બેલા હટાવ્યાની થોડી જ વાર બાદ એ જ રાત્રે ગામની પંચાયત ટીમ અને ઉપ પ્રમુખે આવીને ફરી બેલા ગોઠવી દીધા અને હલાણ બંધ કરી દીધા. તેમજ કહ્યું કે, આ કેસ હાલ કોર્ટમાં છે સાથે મામલતદારનો ઠરાવ પણ છે કે આ પરિવારનું હલાણ આ તરફ નથી, તેથી ઈટાલિયાએ વચ્ચે ન પડવું જોઈએ.

આ સાથે ગોપાલ ઈટાલિયાને ચેલેન્જ પણ આપવામાં આવી હતી કે, તારામાં તાકાત હોય તો બેલા ફરી હટાવીને બતાવ. આ મુદ્દાએ ૨૮ જુલાઈના રોજ સોશિયલ મીડિયા પર આખા ગુજરાતમાં ભારે ચર્ચા જગાવી હતી. જોકે, વિવાદ મોટો થતા હાલ ગામમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયું છે.

### ડોનાલ્ડ ટ્રમ્પ પર ભડક્યું ઈરાન

# ઈરાન અને પશ્ચિમી દેશો વચ્ચે પરમાણુ કાર્યક્રમને લઈને તણાવ યથાવત

## ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ અમેરિકાને સીધી ધમકી આપતા કહ્યું કે, 'જો અમેરિકા કે ઈઝરાયલ ફરીથી ઈરાનના પરમાણુ ઠેકાણા પર હુમલો કરશે તો તેનો જડબાતોડ જવાબ આપીશું

ઈરાન,તા.૨૯

ઈરાન અને પશ્ચિમી દેશો વચ્ચે પરમાણુ કાર્યક્રમને લઈને તણાવ યથાવત છે. કહેવા માટે તો ઈઝરાયલ અને ઈરાન વચ્ચે સીઝફાયર થઈ ગયું છે, પરંતુ વાકયુદ્ધ હજુ પણ ચાલુ જ છે. ઈરાન અને અમેરિકા વચ્ચે આ વાકયુદ્ધ ફરી એક વાર ગંભીર બન્યુ છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ અમેરિકાને સીધી ધમકી આપતા કહ્યું કે, 'જો અમેરિકા કે ઈઝરાયલ ફરીથી ઈરાનના પરમાણુ ઠેકાણા પર હુમલો કરશે તો તેનો જડબાતોડ જવાબ આપીશું.'

ઈરાનના વિદેશ મંત્રીની આ પ્રતિક્રિયા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના એ નિવેદન બાદ આવી છે, જેમાં તેમણે ધમકી આપી હતી કે, જો ઈરાન ફરીથી પરમાણુ પ્લાન્ટ શરૂ કરશે તો અમેરિકા તેને ખતમ કરી દેશે. ડોનાલ્ડ ટ્રમ્પના આ નિવેદન બાદ અરાઘચીએ ઠ પર પોસ્ટ કરીને કહ્યું કે, 'જો બીજી વાર આવો આક્રમક હુમલો કર્યો તો અમે પહેલા કરતા વધુ નિર્ણાયક અને કઠોર જવાબ આપીશું. રાજદ્વારી જ એકમાત્ર રસ્તો છે, ધમકીઓ નહીં.'ઈરાન અમેરિકા પર એટલા માટે ભડક્યું કારણ કે, અમેરિકાએ ૨૨ જૂને ઓપરેશન મિડનાઈટ હેમર હેઠળ ઈરાનના ત્રણ મુખ્ય પરમાણુ ઠેકાણા પર બંકર-બર્સ્ટર બોમ્બથી હુમલો કર્યો હતો. આ હુમલામાં નાતાન્ઝ, ફોર્ડો અને ઈસ્ફહાન જેવા મોટા પરમાણુ ઠેકાણાને મોટું નુકસાન થયું હતું. ત્યારબાદ અમેરિકાએ ઈરાન વિરુદ્ધ પોતાના નિવેદનો ચાલુ રાખ્યા છે. જ્યાં પણ તક મળી ત્યાં ટ્રમ્પ ઈરાનના પરમાણુ કાર્યક્રમનો ખાતમો કરવાની અને તેના પર ફરીથી હુમલો કરવાની ધમકી આપતા જોવા મળ્યા છે. આવી સ્થિતિમાં ઈરાન પણ તેમને જડબાતોડ જવાબ આપી રહ્યું છે. ઈઝરાયલે ઈરાનના પરમાણુ કાર્યક્રમને પોતાના અસ્તિત્વ પર ખતરો જણાવતા તેની વિરુદ્ધ ઓપરેશન રાઈઝિંગ લાયન લોન્ચ કર્યું હતું. તેમાં ૨૦૦થી વધુ ફાઈટર પ્લેનોએ ૧૦૦થી વધુ ટાર્ગેટ પર ૩૩૦ બોમ્બ અને મિસાઈલો છોડી હતી. તેમાં ઈંધણ પ્લાન્ટ, સેન્ટરફ્યુઝ વર્કશોપ, મિસાઈલ બેઝ અને કમાન્ડ સેન્ટર સામેલ હતા. ત્યારબાદ બંને દેશો વચ્ચે ૧૨ દિવસ સુધી લડાઈ ચાલુ રહી અને પછી સીઝફાયર થઈ ગયું. જોકે, ઈરાન હજુ પણ પોતાના પરમાણુ કાર્યક્રમને રોકવા તૈયાર નથી. આ જ કારણ છે કે, બંને દેશો વચ્ચે તણાવ ઓછો નથી થઈ રહ્યો. પરિસ્થિતિ ગંભીર છે અને વિશ્વની નજર હવે તેના પર ટકેલી છે કે શું બંને આ મુદ્દાને વાતચીત દ્વારા ઉકેલશે કે સંઘર્ષની પરિસ્થિતિ ઊભી થશે.

### સરકારે રકમ વસૂલવા માટે કરી તૈયારીઓ

# લાડકી બહેન યોજનાનો લાભ ૧૪, ૨૯૮ પુરુષોએ લીધો હોવાનું સામે આવ્યું

## લાભાર્થીઓની યાદીમાં આ ૧૪,૨૯૮ પુરુષોનો સમાવેશ કોણે કર્યો અને તેઓ તપાસમાંથી કેવી રીતે ચૂકી ગયા તે શોધવા માટે તપાસ હાથ ધરવામાં આવી રહી છે

મહારાષ્ટ્ર, તા.૨૯

મહારાષ્ટ્રમાં મહિલાઓ માટેની એક મોટી યોજના 'લાડકી બહેન યોજના'નો લાભ ૧૪, ૨૯૮ પુરુષોએ લીધો હોવાનું સામે આવ્યું છે. આ પુરુષોને ૧૦ મહિના માટે ૧૫૦૦ રૂપિયાની સહાય આપવામાં આવી હતી, જેના કારણે સરકારી તિજોરીને ૨૧.૪૪ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. સરકારી સૂત્રોના જણાવ્યા મુજબ તપાસ દરમિયાન આ આંકડા સામે આવ્યા છે.

યોજનાના લાભાર્થીઓની તપાસ દરમિયાન આ વાત સામે આવી. આ યોજનાના લાભ ઓગસ્ટ ૨૦૨૪માં આપવાનું શરૂ થયું હતું અને ગયા વર્ષે વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિની જંગી જીત પાછળનું આ કારણ છે. લાભાર્થીઓની યાદીમાં આ ૧૪,૨૯૮ પુરુષોનો સમાવેશ કોણે કર્યો અને તેઓ તપાસમાંથી કેવી રીતે ચૂકી ગયા તે શોધવા માટે તપાસ હાથ ધરવામાં આવી રહી છે. તેમનું માનદ વેતન બંધ કરી દેવામાં આવ્યું છે. સરકાર આ લાભાર્થીઓ સામે કાર્યવાહી કરવા અને તેમની પાસેથી પૈસા પાછા લેવાનો પણ નિર્ણય લેશે. સરકારે લાડકી બેહન યોજના માટે વાર્ષિક ૪૨ હજાર કરોડ રૂપિયા ફાળવ્યા છે. આ યોજના તત્કાલીન એકનાથ શિંદે સરકારે શરૂ કરી હતી. આનાથી વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિને ઘણો ફાયદો થયો. જોકે, આના કારણે રાજ્ય સરકાર ઘણા વિકાસ પ્રોજેક્ટ્સ અમલમાં મૂકી શકી નથી. આ ઉપરાંત, એવી શંકા છે કે ૨,૩૬,૦૧૪ અન્ય લાભાર્થીઓએ પુરુષો હોવા છતાં મહિલાઓના નામ આપીને લાભ લીધો છે.નીતિ મુજબ, ૬૫ વર્ષથી વધુ ઉંમરની મહિલાઓ આ યોજનાનો લાભ મેળવી શકતી નથી, કારણ કે તેમને રાજ્ય સરકારની અન્ય યોજનાઓ હેઠળ નાણાકીય લાભ આપવામાં આવે છે. આમ છતાં, એવું જોવા મળ્યું છે કે ૬૫ વર્ષથી વધુ ઉંમરની ૨,૮૭,૮૦૩ વૃદ્ધ મહિલાઓએ આ યોજનાનો લાભ લીધો છે. છેલ્લા ૧૦ મહિનામાં તેમના બેંક ખાતામાં કુલ ૪૩૧.૭૦ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા છે. આ લાભાર્થીઓને અલગ કરીને, સરકાર વાર્ષિક ૫૧૮ કરોડ રૂપિયા બચાવશે.

એવું પણ જાણવા મળ્યું છે કે ૭,૯૭,૭૫૧ કેસોમાં, એક પરિવારની બે થી વધુ મહિલાઓએ લાભ લીધો છે. નિયમ એ છે કે એક પરિવારની બે થી વધુ મહિલાઓને આ યોજનાનો લાભ આપવામાં આવશે નહીં. આવા કિસ્સાઓમાં લાભાર્થીઓની યાદીમાંથી મહિલાઓને બાકાત રાખવાનો નિર્ણય હજુ લેવામાં આવ્યો નથી.

નાયબ મુખ્યમંત્રી અજિત પવારે રકમ વસૂલવાનું અને છેતરપિંડી કરનારાઓ સામે કાર્યવાહી કરવાનું વચન આપ્યું છે, ત્યારે વિપક્ષે તેની સીબીઆઈ તપાસની માગ કરી છે. આ ઉપરાંત, મહિલા અને બાળ વિકાસ મંત્રી અદિતિ તટકરેએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, "મહિલા અને બાળ વિકાસ વિભાગે મુખ્યમંત્રી લાડકી બહેન યોજના હેઠળ તમામ પાત્ર અરજીઓ ઓળખવા માટે તમામ સરકારી વિભાગો પાસેથી માહિતી માગી હતી. માહિતી અને ટેકનોલોજી વિભાગે માહિતી રજૂ કરી છે કે લગભગ ૨૬.૩૪ લાખ લાભાર્થીઓ અયોગ્ય હોવા છતાં લડકી બહેન યોજનાનો લાભ લઈ રહ્યા છે.

એવું જોવા મળ્યું છે કે કેટલાક લાભાર્થીઓ એક કરતાં વધુ યોજનાઓનો લાભ લઈ રહ્યા છે, કેટલાક પરિવારોમાં બે કરતાં વધુ લાભાર્થીઓ છે, અને કેટલીક જગ્યાએ પુરુષોએ અરજી કરી છે. આ માહિતીના આધારે આ ૨૬.૩૪ લાખ અરજદારોના લાભો જૂન ૨૦૨૫થી કામચલાઉ ધોરણે સ્થગિત કરવામાં આવ્યા છે.

### પ્રા.શિ. સંઘમાં ખજાનચી બનવા બદલ

# સાવરકુંડલાનાં ખડસલી ગામે શિક્ષકનો સન્માન સમારોહ યોજાયો

## મોટી સંખ્યામાં શિક્ષકો ઉપસ્થિત રહ્યા



વીજપડી, તા. ૨૯

સાવરકુંડલા તાલુકાના ખડસલી ગામે પ્રાથમિક શાળાના આંગણે વીજપડી પે.સેન્ટર શાળાના તેમજ પેટા શાળાના આચાર્ય તેમજ શિક્ષકગણ ધ્વારા આયોજિત મહેન્દ્રભાઈ આર. વિછીયાની ગુ.રા.પ્રા.શિ. સંઘમાં નિમણુક થતાં સંઘના તમામ મેમ્બરોમાં ખુશીની લાગણી પ્રસરી ગયેલ હોય અને તમામ શાળાઓના આચાર્યગણ તેમજ શિક્ષકગણ ધ્વારા આયોજિત કરવામાં આવેલ. તમામ મહેમાનોનું શાલ ઓઢાડી પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ પ્રાથમિક શાળાના આચાર્ય ઉપસ્થિત રહી તમામ શાળાઓ વતી પણ મહેન્દ્રભાઈનું સન્માન કરવામાં આવેલ. ત્યારબાદ મહેન્દ્રભાઈ વિછીયાનું વીજપડી પે સેન્ટર શાળા તેમજ પેટા શાળા ધ્વારા મોમેન્ટો આપી શાલ ઓઢાડી પુષ્પગુચ્છ અર્પણ કરી વિશેષ સન્માન કરવામાં આવેલ. ત્યારબાદ સંઘની કામગીરી અંગે વિસ્તૃત માહિતી રજુ કરવામાં આવેલ તેમજ સંઘ ધ્વારા રજુ કરવામાં આવેલ પ્રશ્નો અને તેમાંથી નિરાકરણ આવેલ તમામ બાબતોનું વિશ્લેષણ તમામની હાજરીમાં રજુ કરવામાં આવેલ અને કારકિર્દી હજુ પણ આગળ વધે તેવી તમામ શિક્ષકગણ તેમજ આચાર્ય ગણની અપેક્ષા વ્યકત કરવામાં આવી અને કાર્યક્રમના અંતમાં ખડસલી પ્રાથમિક શાળાના આચાર્ય જયેશભાઈ નીનામા ધ્વારા આભાર વિધિ કરવામાં આવેલ અને ત્યારબાદ આવેલ તમામ મહેમાનો તેમજ શિક્ષકગણ તેમજ આચાર્યગણ સાથે ભોજન લીધા કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવેલ.

### શિક્ષણનો તમામ ખર્ચ ઉઠાવશે

# પાકિસ્તાનના ગોળીબારમાં અનાથ થયેલા ૨૨ બાળકોની જવાબદારી લેશે રાહુલ ગાંધી

## આ બાળકોના શિક્ષણ માટેનો પહેલો હપ્તો જાહેર કરી દેવાયો છે અને ગ્રેજ્યુએશન સુધી તેમની મદદ યથાવત્ રહેશે

નવીદિલ્હી, તા.૨૯

પાકિસ્તાન અને ભારત વચ્ચે પહલગામ આતંકવાદી હુમલા બાદ જોરદાર તણાવ જોવા મળ્યો હતો. સ્થિતિ એવી બની ગઈ હતી કે, બંને બાજુથી એકબીજા પર મિસાઈલ છોડવામાં આવી રહી હતી. જેમાં અનેક લોકોએ પોતાનો જીવ ગુમાવવો પડ્યો હતો. જોકે, હવે હાલ વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ એક મોટી પહેલ કરી છે, જેણે બધાનું ધ્યાન ખેંચ્યું છે. હકીકતમાં રાહુલ ગાંધી એ ૨૨ બાળકોને દત્તક લેવા જઈ રહ્યા છે, જેણે પાકિસ્તાન ગોળીબારમાં પોતાના માતા-પિતા ગુમાવ્યા હતા.

આ વિશે જમ્મુ-કાશ્મીર કોંગ્રેસ ચીફ તારિક હામિદ કર્રાએ કહ્યું કે, 'રાહુલ ગાંધી પૂંછના એ ૨૨ બાળકોના શિક્ષણનો આખો ખર્ચ ઉઠાવશે જેણે પોતાના માતા-પિતા પાક. ગોળીબારમાં ગુમાવી દીધા છે. આ બાળકોના શિક્ષણ માટેનો પહેલો હપ્તો જાહેર કરી દેવાયો છે અને ગ્રેજ્યુએશન સુધી તેમની મદદ યથાવત્ રહેશે.'

મળતી માહિતી મુજબ, રાહુલ ગાંધીએ આ વર્ષે મે મહિનામાં પૂંછની મુલાકાત લીધી હતી, તેમણે ત્યાં પોતાના સ્થાનિક નેતાઓને અપીલ કરી હતી કે, તે પ્રભાવિત બાળકોની એક યાદી તૈયાર કરે. ત્યારબાદ કાર્યકરો દ્વારા સરકારી રૅકોર્ડ ખંગાળવામાં આવ્યા અને બાદમાં સરવે કરી એક યાદી તૈયાર કરવામાં આવી, જે રાહુલ ગાંધીને આપવામાં આવી હતી.

રાહુલ ગાંધી જ્યારે પૂંછ ગયા હતા, ત્યાં તેમણે ક્રાઈસ્ટ પબ્લિક સ્કૂલની મુલાકાત લીધી હતી, ત્યાં ૧૨ વર્ષના ટ્વિન ઉર્બા ફાતિમા અને જૈન અલનું પાક. ગોળીબારમાં મૃત્યુ થયું હતું. ત્યાં પહોંચીને રાહુલ ગાંધીએ બાળકોને કહ્યું હતું કે, તમે પોતાના મિત્રોને ખૂબ યાદ કરતા હશો, તમને થોડો ડર પણ લાગતો હશે, પરંતુ ચિંતા ન કરો. બધું બરાબર થઈ જશે. આ સ્થિતિનો સામનો કરવાનો એક જ રસ્તો છે. હજુ વધારે અભ્યાસ કરો.'મહત્ત્વનું છે કે, જ્યારે પાકિસ્તાને પોતાની તરફથી ગોળીબાર શરુ કર્યો હતો, ત્યારે સૌથી વધારે પ્રભાવિત પૂંછ વિસ્તાર જ હતો. અનેક બાળકો પણ ઈજાગ્રસ્ત થયા હતા અને મોત પણ થયા હતા. જોકે, પાકિસ્તાનને આ ગોળીબારની ભારે કિંમત ચૂકવવી પડી હતી. ભારતીય સેનાએ ન ફક્ત પાડોશી દેશના એરબેઝ ઉડાડી દીધા હતા, પરંતુ તેના અનેક આતંકી ઠેકાણાને પણ સંપૂર્ણ રૂપે ધ્વસ્ત કરી દીધા હતા.

### અનેક ઘરો પાણી અને કાદવથી ભરાઈ ગયા

# હિમાચલ પ્રદેશમાં ફરી આભ ફાટ્યું: મંડીમાં ૪ના મોત

## પૂર અને ભૂસ્ખલનના કારણે રસ્તાઓ સંપૂર્ણપણે બંધ થઈ ગયા હતા, જેના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું

હિમાચલ પ્રદેશ, તા.૨૯

હિમાચલ પ્રદેશના મંડી જિલ્લામાં મંગળવારે (૨૯મી જુલાઈ) વાદળ ફાટવા અને સાંબેલાધાર વરસાદને કારણે ભારે તારાજી સર્જાઈ છે. મંડીના જેલ રોડ અને હૉસ્પિટલ રોડ વિસ્તારમાં પરિસ્થિતિ સૌથી ખરાબ છે. પૂર અને ભૂસ્ખલનના કારણે રસ્તાઓ સંપૂર્ણપણે બંધ થઈ ગયા હતા, જેના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું હતું. મંડીમાં અત્યાર સુધીમાં ચાર લોકોના મોત થયાના અહેવાલ છે. જ્યારે ૫૦ ગાડીઓ કાટમાળ નીચે દબાઈ છે.

અહેવાલો અનુસાર, મંડી જિલ્લામાં ફરી એકવાર ભારે વરસાદે તબાહી મચાવી દીધી હતી. ભૂસ્ખલન અને કાટમાળ પડવાની ઘટનાઓને કારણે શહેરની જીવનરેખા ઠપ્પ થઈ ગઈ છે. ત્યારે ભારે વરસાદના કારણે મંડીના જેલ રોડ પરના નાળામાં અચાનક પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે નજીકના ઘરો પણ ડૂબી ગયા હતા. નાળાનો કાટમાળ ઘરોના નીચેના માળમાં ઘૂસી ગયો હતો. આ દુર્ઘટનામાં ચાર લોકોના મોત થયા છે. પોલીસ અને વહીવટીતંત્રે બચાવની કામગીરી હાથ ધરી છે.

બીજી તરફ ઝોનલ હૉસ્પિટલ મંડીની બહાર ભારે કાટમાળ જમા થઈ ગયો છે, જેના કારણે ઈમરજન્સી દર્દીઓને હૉસ્પિટલ પહોંચવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. મંડી શહેરના વિવિધ વિસ્તારોમાં કાટમાળ નીચે દટાઈ જવાથી ૫૦ જેટલા વાહનોને ભારે નુકસાન થયું હતું. અનેક ઘરોના નીચેના માળ પાણી અને કાદવથી ભરાઈ ગયા હતા, જેના કારણે લોકોને ભારે નુકસાન થયું હતું.

મંડી વહીવટ, પોલીસ, ફાયર બ્રિગેડની ટીમો ઘટનાસ્થળે હાજર છે અને અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ કામગીરી ચાલુ છે. મંડીના ડેપ્યુટી કમિશ્નર અપૂર્વ દેવગને જણાવ્યું હતું કે, 'અસરગ્રસ્ત પરિવારોને સુરક્ષિત સ્થળોએ મોકલવામાં આવી રહ્યા છે.'

હવામાન વિભાગે અનુસાર, આગામી ૨૪ કલાક માટે મંડી સહિત સમગ્ર હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદનું ઍલર્ટ જાહેર કર્યું છે. સતત વરસાદને કારણે રાહત અને બચાવ કાર્યમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

# વડેરા અને રંગપુર ગામે સગર્ભા મહિલાનાં આરોગ્યની ચકાસણી



અમરેલી, તા. ૨૯

મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.જોષી અને અમરેલી તાલુકા આરોગ્ય અધિકારી ડો. જાટ્ટના માર્ગદર્શન હેઠળ આયુષ્યમાન આરોગ્ય મંદિર વડેરા ખાતે એમબીબીએસ મેડીકલ ઓફીસર મોટા આંકડીયા ડો.મીત મોદી દ્વારા વડેરા અને રંગપુર ગામની જોખમી સગર્ભાની તપાસ કરવામાં આવેલ. જે સગર્ભાનું હિમોગ્લોબિન ઓછુ આવતુ હોય તે તમામને આર્યન સુક્રોઝની બોટલ ચડાવવામાં આવેલ તથા દરેક જોખમી સગર્ભાને પોષણ કીટ આપવામાં આવેલ. આ કાર્યક્રમમા વડેરા ગામના જીલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન પ્રવિણભાઈ માંગરોલીયા તથા ગ્રામ પંચાયત વડેરાના સભ્ય હિંમતભાઈ સોહલીયા ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્થાનિક આરોગ્ય કર્મચારી સપનાબેન રાણવા, ડી.જી રાજયગુરૂ, સબ્બીરભાઈ ભટ્ટી, બીલકીસબેન ભટ્ટી અને કાજલબેન જાદવએ જહેમત ઉઠાવેલ.

# બમણી આવકની વાતો વચ્ચે ગુજરાતનાં ખેડૂતો દેવાના ડુંગર તળે દબાયા

## ગુજરાતમાં ખેડૂતોએ ૨૧મી જુલાઈ ૨૦૨૫ સુધીમાં ૧,૪૪,૩૩૦ કરોડ રૂપિયાની બેન્ક લોન લીધી છે

અમદાવાદ, તા.૨૯

સમૃદ્ધ ખેડૂત-સમૃદ્ધ ગુજરાતના સૂત્રો પોકારવામાં આવી રહ્યાં છે. એટલુ જ નહીં ખેડૂતોની આવક બમણી થશે, તેવુ રાજ્ય અને કેન્દ્ર સરકાર ડિંગો હાંકી રહી છે, ત્યારે ખેતી બચાવવા ખેડૂતો દેવું કરવા મજબૂર બન્યાં છે. ખુદ કેન્દ્ર સરકારે જ ઘટસ્ફોટ કર્યો છે કે, ગુજરાતમાં ખેડૂતોએ ૨૧મી જુલાઈ ૨૦૨૫ સુધીમાં ૧,૪૪,૩૩૦ કરોડ રૂપિયાની બેન્ક લોન લીધી છે. આ પરથી એ વાત પ્રસ્થાપિત થઈ છે કે, જગતનો તાત દેવાના ડુંગર તળે દબાઈ રહ્યો છે.ગુજરાતમાં ખેડૂતોની આર્થિક રીતે બેહાલ થયાં છે કેમ કે, હવે ખેતી કરવી મોંઘી બની છે. ખાતર, જંતુનાશક દવાથી માંડીને ખેતમજૂરીના ભાવો વધ્યાં છે. સિઝનમાં અથાગ મહેનત કર્યા પછી પણ જે પાક ઉત્પાદન થાય તે બજાર કે એપીએમસીમાં પહોંચે ત્યારે ખેડૂતોને પુરતા ભાવ સુદ્ધા મળતા નથી. ખેડૂતોની એવી દશા છે કે, ખેતી ખાતર બચાવવા બેન્કો પાસેથી લોન લેવી પડે છે. પરિસ્થિતી એવી નિર્માણ થઈ છે કે, ખેતી ખર્ચ વધ્યો છે, પરંતુ ખેત ઉત્પાદનના ભાવ વધ્યાં નથી. તેમાંય ચોમાસામાં ભારે વરસાદથી ખેતીને મોટાપાયે નુકશાન થાય તે અલગ.લોકસભામાં રજૂ થયેલાં રિપોર્ટ અનુસાર, બમણી આવકની ડિંગો હાંકવામાં આવી રહી છે, ત્યારે ગુજરાતમાં ૫૫ લાખ ખેડૂતોએ બેન્ક લોન લીધી છે. વર્ષ ૨૦૨૫-૨૬માં ખેડૂતોએ કુલ ૧.૪૪,૩૩૦ કરોડ રૂપિયાની લોન મેળવી છે. વર્ષ ૨૦૨૦-૨૧માં ગુજરાતી ખેડૂતોની બેન્ક લોન ૯૬,૯૬૩ કરોડ રૂપિયા હતી તે વર્ષ ૨૦૨૫-૨૬માં વધીને ૧,૪૪, ૩૩૦ કરોડ રૂપિયા સુધી પહોંચી હતી. પાંચ વર્ષમાં ખેડૂતોની બેન્કલોનમાં ૪૭,૩૬૭ કરોડ રૂપિયાનો વધારો નોંધાયો હતો. ટૂંકમાં ગુજરાતના ખેડૂતોની બેન્ક લોનનો આંકડો વધતો જ જાય છે. કેન્દ્ર સરકારના મતે પ્રત્યેક ખેડૂતના માથે ૫૬ હજાર રૂપિયાનું દેવું છે. મહત્ત્વની વાત છે કે, ખેડૂતો માટે અનેક કૃષિલક્ષી યોજનાઓ અમલમાં છે, તેમ છતાંય ખેડૂતોની સ્થિતિમાં સુધારો થઈ શકયો નથી. ગુજરાત સરકાર કે કેન્દ્ર સરકાર ભલે દાવો કરે પણ કડવી વાસ્તવિકતા છે કે, ખેડૂતો દેવાદાર બન્યાં છે.

### ફરી પાર્ટીમાં ભડકો જોવા મળ્યો

# ગુજરાતમાં રાહુલ ગાંધીની મુલાકાત બાદ કોંગ્રેસમાંથી ૨ નેતાઓના રાજીનામા

**કોંગ્રેસના મહામંત્રી વિજય બારૈયાએ તમામ હોદ્દા પરથી રાજીનામું આપી દીધું છે, સોશિયલ મીડિયા પ્રમુખ વિજય જોશીએ પણ પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું**

આણંદ,તા.૨૯

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીને લઈને કોંગ્રેસે અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દીધી છે, તેમ છતાં પાર્ટીની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી. હજુ તો રાહુલ ગાંધીએ ગુજરાતની મુલાકાત લીધી તેના બે દિવસ જ થયા છે, ત્યાં ફરી પાર્ટીમાં ભડકો જોવા મળ્યો. હકીકતમાં રાહુલ ગાંધીની વિદાયના બે જ દિવસમાં પાર્ટીમાંથી બે રાજીનામાં પડી ગયા છે. આણંદ જિલ્લા કોંગ્રેસના મહામંત્રી વિજય બારૈયાએ તમામ હોદ્દા પરથી રાજીનામું આપી દીધું છે. આ સિવાય વિધાનસભા સોશિયલ મીડિયા પ્રમુખ વિજય જોશીએ પણ પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. નોંધનીય છે કે, બંનેએ રાજીનામું આપતા જણાવ્યું કે, આણંદ જિલ્લા કોંગ્રેસમાં આગળ જવા ક્ષત્રિય હોવું જરૂરી છે. મળતિયાઓને રાહુલ ગાંધીના કાર્યક્રમમાં પ્રવેશ માટે પાસ ફાળવી દેવાયા. સેવાદળના એક કાર્યકરના આખા ઘરને પ્રવેશ પાસ અપાયા છે. મળતી માહિતી મુજબ, રાહુલ ગાંધીની વિદાય બાદ કાર્યકરોમાં ભારે અસંતોષ જોવા મળ્યો હતો. પક્ષમાં ગ્રાઉન્ડ લેવલે કામ કરનારા અનેક નેતા અવગણનાનો આરોપ લગાવી રહ્યા છે. તેમજ પાર્ટીમાં દલાલો અને વેચાયેલા લોકોને વધુ મહત્ત્વ આપવામાં આવે છે તેવું પણ ચર્ચાઈ રહ્યું છે. આ જ કારણસર વિજય બારૈયા અને વિજય જોશીએ રાજીનામાં આપ્યાનું કહેવાય છે.

આ આરોપોની વચ્ચે કોંગ્રેસમાં લોકસભાની ચૂંટણી પહેલાં હજુ વધુ રાજીનામાં પડી શકે તેવી શક્યતા છે. જોકે, આડકતરી રીતે બંને કાર્યકર્તાઓએ અમિત ચાવડા પર નિશાનો સાધતા પ્રદેશ પ્રમુખ માટેના પાર્ટીના નિર્ણયથી અસંતોષ વ્યક્ત કર્યો હતો.

# રાજ્યસભામાં ખડગે અને નડ્ડા વચ્ચે ઉગ્ર ચર્ચા, ભાજપ સાંસદે નિવેદન પરત લઈ માફી માગી

**નડ્ડાએ જણાવ્યું કે, ખડગેજી તમે પોતાના પદ અનુસાર, શબ્દોનો ઉપયોગ કરી રહ્યા નથી. હું ઈચ્છું છું કે, તમે આ પ્રકારના (તુચ્છ) શબ્દોને દૂર કરો**

નવીદિલ્હી,તા.૨૯

રાજ્યસભામાં આજે મંગળવારે ઓપરેશન સિંદૂર પર ચર્ચા દરમિયાન વિપક્ષ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા વચ્ચે શાબ્દિક પ્રહારો થયા હતાં. નડ્ડાએ ખડગે પર નિશાન સાધતા કહ્યું કે, નરેન્દ્ર મોદી વિશ્વમાં સૌથી લોકપ્રિય નેતા છે, પક્ષ અને દેશ માટે ગૌરવનો વિષય છે. પરંતુ તમે પક્ષ સાથે એટલા જોડાઈ ગયા છો, કે, પોતાના દેશની જ ગોર ખોદી રહ્યા છે. માનસિક સંતુલન ગુમાવી તમે આ પ્રકારના નિવેદનો આપી રહ્યા છે. કેન્દ્રીય મંત્રી નડ્ડાએ જણાવ્યું કે, ખડગેજી તમે પોતાના પદ અનુસાર, શબ્દોનો ઉપયોગ કરી રહ્યા નથી. હું ઈચ્છું છું કે, તમે આ પ્રકારના (તુચ્છ) શબ્દોને દૂર કરો. તમે એક વરિષ્ઠ નેતા છો, પરંતુ જે રીતે તમે વડાપ્રધાન પર ટીપ્પણી કરી રહ્યા છો, મને દુઃખ થાય છે. તમે ૧૧ વર્ષથી વિપક્ષમાં બેઠા છો, અને પીએમ મોદી વિશ્વમાં લોકપ્રિય નેતા તરીકે ઉભરી આવ્યા છે. નડ્ડાએ આગળ જણાવ્યું કે, આપણે તમામે ગર્વ અનુભવવો જોઈએ. પરંતુ તમારી પક્ષની ગતિવિધિઓ એટલી વ્યસ્ત છે કે, તમારા માટે રાષ્ટ્રનો મુદ્દો શૂન્ય બન્યો છે. તમે પોતાનું માનસિક સંતુલન ગુમાવ્યા બાદ પીએમ મોદી માટે અસંસદીય શબ્દ બોલો છો.

જેપી નડ્ડાના આ નિવેદન બાદ વિપક્ષ સાંસદોએ હોબાળો શરૂ કર્યો હતો. હોબાળો વધતા નડ્ડાએ કહ્યું કે, હું મારા શબ્દો પાછા લઉ છું. માનસિક અસંતુલનને રેકોર્ડમાં લાગણીના વશમાં કરી નાખો. મારા શબ્દોને બદલવા વિનંતી કરૂ છું. નડ્ડાએ શબ્દો પાછા લીધા હોવા છતાં હોબાળો થંભ્યો ન હતો. તેમના પક્ષ અને તેમના નેતૃત્વ સાથે આ શબ્દો મેળ ખાઈ રહ્યા ન હોવાથી તમે તે શબ્દોને રેકોર્ડમાંથી દૂર કરો.

જેપી નડ્ડાના નિવેદન બાદ ખડગે ભડકી ઉઠ્યા હતાં. તેમણે કહ્યું કે, હું નડ્ડા સાહેબનો આદર કરુ છું, રાજનાથ સિંહ અને નડ્ડા સાહેબ એવા મંત્રી છે, જે પોતાનું સંતુલન ગુમાવ્યા વિના વાત કરે છે. પરંતુ આજે તે મને મેન્ટલ કહી રહ્યા છે. જે અત્યંત શરમજનક છે. તેમણે માફી માગવી જોઈએ. હું તેમને છોડીશ નહીં.

ખડગેના ઉગ્ર સ્વરૂપને જોતાં નડ્ડાએ ફરી એકવાર કહ્યું કે, હું મારા શબ્દો પરત લેવા કહી રહ્યો છું. તમારી લાગણીઓને ઠેસ પહોંચાડવા બદલ હું માફી માગુ છું. પરંતુ તમે લાગણીના આવેશમાં વડાપ્રધાનની ગરિમાનું ધ્યાન રાખવાનું ભૂલી જાવ છો. તેનુ તમારે ધ્યાન રાખવુ જોઈએ.

### સંસદમાં ચોમાસા સત્રના છઠ્ઠા દિવસે

# અખિલેશ યાદવે સંસદમાં ઉઠાવ્યો ભારત-ચીનનો મુદ્દો

**ભારતને પાકિસ્તાન કરતા સૌથી વધુ ચીનથી ખતરો છે ચીન આપણું માર્કેટ અને જમીન બંને છિનવી લેશે**

નવીદિલ્હી,તા.૨૯

સંસદમાં ચોમાસા સત્રનો આજે છઠ્ઠો દિવસ છે. સંસદના બંને ગૃહોમાં ઓપરેશન સિંદૂર અને પહલગામ હુમલા મુદ્દે ચર્ચા ચાલી રહી છે. સત્તાધારી પક્ષ અને વિપક્ષો વચ્ચો જોરદાર ચર્ચા જોવા મળી રહી છે. આજે (૨૯ જુલાઈ) સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવે કહ્યું કે, 'ભારતને પાકિસ્તાન કરતા સૌથી વધુ ચીનથી ખતરો છે. ચીન આપણું માર્કેટ અને જમીન બંને છિનવી લેશે. પહલગામ હુમલા માટે જવાબદાર કોણ છે? શું ભારતે સરહદના વિસ્તારોમાં ચીનથી વધુ શ્રેષ્ઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કર્યું છે. અખિલેશ યાદવે સરકારને પૂછ્યું કે, 'ભારતનું ક્ષેત્રફળ ૨૦૧૪માં કેટલું હતું અને હવે કેટલું છે? ભાજપ સત્તામાં આવ્યું તે પહેલા અને હવે ભારતનું કેટલું ક્ષેત્રફળ છે? ચીન સામે મુકાબલો કરવા માટે તમારી તૈયારી શું છે? શું સરકાર પાસે પેંગોગ ઝીલ, ગલવાન ખીણ મામલે જવાબ છે કે નહીં?અખિલેશ યાદવના સવાલનો જવાબ આપતા સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુ એ કહ્યું કે, '૧૯૬૨ના યુદ્ધ બાદ ચીને ભારતના ક્ષેત્રમાંથી એક ઈંચ પણ ઘુસણખોરી કરી નથી કે અરુણાચલ પ્રદેશમાં કોઈ વધારાની જમીન પર કબજો કર્યો નથી. હું અરૂણાચલપ્રદેશનો છું અને અખિલેશે કહી રહ્યા છે કે, ચીને તે રાજ્યમાં ઘૂસણખોરી કરી છે? મને લાગે છે કે, ચીનના નિયંત્રણાં જે વિસ્તાર છે, તે પહેલેથી અથવા ૧૯૬૨ના યુદ્ધ દરમિયાન કબજામાં આવ્યો હતા.' તેમણે એમ પણ કહ્યું કે, 'રાષ્ટ્રીય સુરક્ષા જેવા ગંભીર વિષયો પર બોલતી વખતે હકીકતની યોગ્ય જાણકારી રાખવી ખૂબ જ જરૂરી છે.

### લાખો લોકોને અપાઇ રહી છે AI સંબંધિત ટ્રેનિંગ

# ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌ દેશની પહેલી AI સિટી બનશે

**રાજ્ય સરકાર ઝડપથી આ ૨૦૪૭ના વિઝન અંતર્ગત એક એઆઇ પોલીસી ડ્રાફ્ટ તૈયાર કરશે**

લખનૌ,તા.૨૯

ભારતનું પહેલ AI શહેર બનશે લખનૌ. લખનૌમાં માર્ચ ૨૦૨૪માં AI ઈકોસિસ્ટમ વિકસિત કરવા માટે ઈન્ડિયા એઆઇ મિશન પ્રમાણે ૧૦,૭૩૨ કરોડ રૂપિયા ફાળવ્યા. જેના અંતર્ગત લખનૌને દેશની પહેલી AI સિટી બનાવવાની યોજના શરૂ કરવામાં આવી છે.મળતી માહિતી પ્રમાણે ઉત્તાર પ્રદેશની રાજધાની લખનૌ દેશની પહેલી AI સિટી બનશે.

આ રોકાણ હેઠળ, ૧૦,૦૦૦ ગ્રાફિક્સ પ્રોસેસિંગ યુનિટ, મલ્ટી-મીડિયા ભાષા મોડેલ અને એક AI નવીનતા કેન્દ્ર બનાવવામાં આવશે.

રાજ્ય સરકાર ઝડપથી આ ૨૦૪૭ના વિઝન અંતર્ગત એક એઆઇ પોલીસી ડ્રાફ્ટ તૈયાર કરશે. રાજ્ય સરકાર પ્રમાણે આ રોકાણ ભારતના અન્ય ટેકનોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી પણ ૬૭ ટકા વધારે છે.રાજ્ય સરકારની આ મહત્વની શરૂઆત અંતર્ગત ૧૦ લાખથી પણ વધારે યુવાનો, શિક્ષકો, સરકારી કર્મચારીઓ અને ખેડૂતોને ગૂગલ, માઈક્રોસોફ્ટ, ઈન્ટેલની સાથે પાર્ટનરશિપમાં એઆઈ, સાઈબર સુરક્ષા, મશીન લર્નિંગ અને ડેટા એનાલિસિસની ટ્રેનિંગ આપવામાં આવી રહી છે. જેનાથી દર મહિને ૧.૫ લાખ લોકોને પ્રશિક્ષિત કરવામાં આવી રહ્યા છે.

# દેવભૂમિ દેવળીયા ખાતે રોટરી કલબ ગીરનાં સહયોગથી કેમ્પ યોજાયો







અમરેલી, તા. ૨૯

રોટરી ક્લબ ઓફ અમરેલી ગીર તેમજ દેવભૂમિ દેવળીયા ગ્રામ પંચાયત દ્વારા દેવભૂમિ દેવળીયામા મફત ફિઝીયોથેરાપી અને કાનની બહેરાશનું નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં દેવભૂમિ દેવળીયાના સરપંચ શ્રીમતી ભાવનાબેન સુખડીયા, ગ્રામ પંચાયતના ઉપ સરપંચ ધર્મિષ્ઠાબેન સોલડીયા તાલુકા પંચાયત સભ્ય ભાવેશભાઈ સોલડીય ગામ પંચાયત સભ્યો , વિપુલભાઈ રાઠોડ, જયેશભાઈ ચકરાણી, હિતેશભાઈ માધડ, કંચનબેન માધડ, રોટરી ગીરના પ્રેસિડેન્ટ ત્રિલોકભાઈ ભટ્ટ , સેક્રેટરી નિરવભાઈ ઝીંઝુવાડીયા, રોટે. રોહિતભાઈ ઝીંઝુવાડીયા, ડો. ચિરાગ કોલડિયા, ડો. વિજયભાઈ ગોજીયાના નિષ્ણાત માર્ગદર્શન હેઠળ, કુલ ૫૪ ગ્રામજનોને સાંધાના દુખાવા, ગતિશીલતા સમસ્યાઓ અને સ્નાયુઓની જડતા માટે તપાસ અને સારવાર આપવામાં આવી. દરેક દર્દીને વ્યકિતગત કસરતો, ઉપચાર માર્ગદર્શન અને ફોલો–અપ ટિપ્સ પણ આપવામાં આવી હતી. આ અસરકારક પહેલ રોટરી કલબ ઓફ અમરેલી ગીર દ્વારા હાથ ધરવામાં આવી હતી, જેનો ઉદ્દેશ્ય ગ્રામીણ સમુદાયો સુધી આરોગ્ય સંભાળની પહોંચ પહોંચાડવાનો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન રોટે. અંબરીશ રાજયગુરૂ દ્વારા કરવામાં આવ્યું હતું. આભાર વિધિ રોટે. રવિ પરીખ દ્વારા કરવામાંઆવ્યુંહતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ગ્રામ આગેવાન નાથાલાલ સુખડીયા દ્વારા કરવામાં આવેલ હતું. તેમ તેમની યાદીમાં જણાવે છે.

# બગસરા જૂથ વિકાસ મંડળીની ૭૧મી વાર્ષિક સાધારણ સભા મળી





તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૯

બગસરા જૂથ વિવિધ કાયકારી સહકારી મંડળી લી. બગસરાની ૭૧મી વાર્ષિક સાધારણ સભા લેઉવા પટેલ સમાજ ગોકુલપરા બગસરા ખાતે રાખવામાં આવેલ તેમાં ચેરમેન અમરેલી જિલ્લા સહકારી સંઘ મનીષભાઈ સંઘાણી, અમરેલી જિલ્લા બેંકના સી.ઈ.ઓ. બી. એસ. કોઠિયા, ઈફકો ખાતરના સાહેબો, તેમજ મંડળીના પ્રમુખ વિઠલભાઈ હિરાણી, ઉપ્ર પ્રમુખ ભીખુભાઈ ટીબડીયા, મંત્રી રવિકુમાર લુણાગરિયા, સમગ્ર વ્યવસ્થા પક કમિટી સભ્યો, કર્મચારી સ્ટાફ તેમજ બહોળી સંખ્યામાં શેર સભાસદ ભાઈઓ તેમજ બહેનો હાજર રહેલ વાર્ષિક સાધારણ સભા શરૂ કરતા પહેલા મંડળીના સ્થાપક સ્વ.અરજણભાઈ વેલજીભાઈ પટેલને હાર પહેરાવી શ્રધ્ધાંજલિ આપવામાં આવી. ત્યારબાદ દિપ પ્રાગટય કરી વાર્ષિક સાધારણ સભાની શરૂઆત કરવામાં આવી. સૌપ્રથમ મંડળીના પ્રમુખ તેમજ સાધારણ સભાના અધ્યક વિઠ્ઠલભાઈ હિરાણી દ્વારા આવેલ મહેમાનોનું શબ્દો દ્વારા આવકારી સ્વાગત કરેલ ત્યારબાદ આમંત્રિત મહેમાનોનું પુષ્પગુચ્છ અને સાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યું ત્યારબાદ મંડળીના મંત્રી રવિકુમાર લુણાગરિયા દ્વારા એજન્ડા મુજબની કામગીરીની શરૂઆત કરવામાં આવી. તેમજ ઈફકોમાંથી પધારેલ સાહેબો દ્વારા પાક પરિસંવાદ કાર્યક્રમ પણ યોજવામાં આવેલ તેમાં ખેડૂતોને વિવિધ ખાતરો તેમજ નેનો યુરિયા વિશે માહિતી આપવામાં આવી. અંતમાં મંડળીના ડિરેકટર રમેશભાઈ ગોંડલીયા દ્વારા આભારવિધિ કરી સાધારણ સભા પૂરી કરવામાં આવી. સાધારણ સભાનું સુંદર સંચાલન મંડળીના પુર્વપ્રમુખ વિનુભાઈ ઘાડીયા દ્વારા કરવામાં આવેલ તેમ મંત્રી રવિકુમાર લુણાગરિયાની યાદીમાં જણાવેલ છે.

# સાવરકુંડલા : માનવ મંદિરનાં વિદ્યાર્થીઓને શ્રી મોગલ મા ટ્રસ્ટ દ્વારા ચોપડાનુ વિતરણ



સાવરકુંડલા, તા. ૨૯

સાવરકુંડલા ખાતે હાથસણી રોડ પર આવેલ માનવ મંદીર સાવરકુંડલામાં અભ્યાસ કરી રહેલ વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે પ્રોત્સાહન મળે એ હેતુ સાથે મોગલમાં માનવ સેવા ટ્રસ્ટ ચલાલા દ્વારા ચોપડા કીટનું વિતરણ કરવામા આવેલ હતુ. આ પ્રસંગે માનવમંદિરના પૂજય ભકિતરામ બાપુએ મોગલમાં માનવ સેવા ટ્રસ્ટ સુરત ચલાલાના રાજુભાઈ જાની અને તેમની ટીમની દ્વારા છેલ્લા સોળ વર્ષની અવિરત થતી સેવાઓને બિરદાવેલ હતી અને આવી સેવાકીય પ્રવૃત્તિઓ તેમના દ્વારા અવિરત થતી રહે તેવા આશીર્વાદ પણ આપ્યા.

### સંસદમાં રાહુલ ગાંધીના સરકાર પર પ્રહાર

# તમે ઓપરેશન સિંદૂરની શરૂઆતમાં જ સીઝફાયર કરી દીધુ : રાહુલ ગાંધી

**રાજનીતિક ઇચ્છાશક્તિની જરૂર હોય છે. સેનાના ઉપયોગ માટે રાજનીતિક ઇચ્છાશક્તિ જરૂરી છે, ૧૯૭૧માં તત્કાલીન વડાપ્રધાને અમેરિકાની ચિંતા નહોતી કરી**

નવીદિલ્હી,તા.૨૯

ઓપરેશન સિંદૂર પર લોકસભામાં ચર્ચા હજુ પણ ચાલી રહી છે. ઓપરેશન સિંદૂર પર રાજ્યસભામાં પણ આજે ચર્ચાની શરૂઆત થઈ છે. ત્યારે લોકસભામાં વિપક્ષા નેતા રાહુલ ગાંધીએ પહલગામ હુમલાને ક્રૂર ગણાવતા કહ્યું કે, 'જે થયું, તે ખોટું થયું. તમામે તેની નિંદા કરી છે. અમે પહાડની જેમ સરકારની સાથે ઉભા રહ્યા.'

રાહુલ ગાંધીએ કહ્યું કે, 'અમે પહલગામ હુમલા બાદ નરવાલ સાહબના ઘરે ગયા, તેમના પુત્ર નેવીમાં હતા. ઉત્તારપ્રદેશમાં પણ પીડિત પરિવારોને મળ્યા. કાશ્મીરમાં પણ પીડિત પરિવારો સાથે મુલાકાત કરી. અમે રાજનીતિ કામથી લોકોને મળતા રહીએ છીએ. જ્યારે હાથ મિલાવો ત્યારે ખબર પડે છે કે આ ટાઈગર છે. ટાઈગરને આઝાદી આપવી પડે છે. સેનાને સંપૂર્ણ આઝાદી આપવી જોઈએ. રાજનીતિક ઈચ્છાશક્તિની જરૂર હોય છે. સેનાના ઉપયોગ માટે રાજનીતિક ઈચ્છાશક્તિ જરૂરી છે. ૧૯૭૧માં તત્કાલીન વડાપ્રધાને અમેરિકાની ચિંતા નહોતી કરી. એક લાખ પાકિસ્તાની સૈનિકોએ સરેન્ડર કર્યું.'

રાહુલ ગાંધીએ કહ્યું કે, 'ગઈકાલે સૈમ માનેકશૉને કોટ કરવામાં આવ્યા. ઈન્દિરાજીને સૈમ માનેકશૉએ કહ્યું કે, અમે હાલ ઓપરેશન નથી કરી શકતા. અમને છ મહિનાનો સમય આપવો જોઈએ, ઉનાળામાં કરીશું. ઈન્દિરાજીએ પૂરતો સમય આપ્યો હતો. સંરક્ષણ મંત્રીએ ગૃહમાં કહ્યું કે, અમે ૧.૩૫ વાગ્યે પાકિસ્તાનને એ જણાવ્યું કે અમે આતંકવાદી ઠેકાણાઓ પર હુમલા કર્યા છે. આ એસ્કેલેટરી ન હતું. હવે કોઈ એસ્કેલેશન ન હોવું જોઈએ. તમે ૩૦ મિનિટમાં જ પાકિસ્તાનને સામે સરેન્ડર કરી દીધું. એ જણાવવામાં આવ્યું કે, તમારી પાસે લડવાની ઈચ્છાશક્તિ નથી. સરકારે પાયલટ્સના હાથપગ બાંધી રાખ્યા છે.'રાહુલ ગાંધીએ કહ્યું કે, ભારત સરકારે ભૂલ કરી છે. આપણું કોઈ સાથે યુદ્ધ થયું છે અને આપણે તેને કહીએ કે ભાઈ હવે ઠીક છે, અમે લડાઈ નથી ઈચ્છતા. અમે તમને એક થપ્પડ મારી છે, બીજી નહીં મારીએ. ભૂલ સેનાની નહીં, સરકારની હતી. ટ્રમ્પે ૨૯ વખત કહ્યું કે, અમે યુદ્ધ અટકાવ્યું. જો દમ હોય તો વડાપ્રધાન મોદી આ ગૃહમાંથી એવું બોલી દે કે ડોનાલ્ડ ટ્રમ્પ ખોટું બોલી રહ્યા છે. એક નવી વસ્તુ ચાલી છે, નવો શબ્દ ચાલ્યો છે- ન્યૂ નોર્મલ. વિદેશ મંત્રીએ તેનો ઉપયોગ કર્યો. ભાષણમાં તેમણને કહ્યું કે તમામ ઈસ્લામિક દેશોએ નિંદા કરી છે, પરંતુ એ નથી જણાવ્યું કે પહલગામ બાદ એક પણ દેશે પાકિસ્તાનની નિંદા નથી કરી. દરેક દેશે આતંકવાદની નિંદા કરી.

### પ્રિયંકા ગાંધીએ ઉઠાવ્યા સુરક્ષાના પ્રશ્નો

# પહલગામ હુમલા મુદ્દે લોકસભામાં આક્રમક ચર્ચા

**પ્રિયંકા ગાંધીએ પહલગામ આતંકી હુમલાના જવાબદાર ટીઆરએફને લઈને સરકાર પર પ્રહાર કર્યા હતા**

નવીદિલ્હી,તા.૨૯

લોકસભામાં ઓપરેશન સિંદૂર પર ચર્ચા દરમિયાન પ્રિયંકા ગાંધીએ પોતાનું ભાષણ આપ્યું હતું. જેમાં તેમણે કહ્યું કે, 'સૌથી પહેલાં હું તે સૈનિકો, જવાનોને સલામ કરવા માંગુ છું જેઓ દુર્ગમ વિસ્તારોમાં આપણી સરહદોનું રક્ષણ કરે છે. તેમણે ૧૯૪૮થી અત્યાર સુધી આપણા દેશની અખંડિતતાનું રક્ષણ કરવામાં ઘણું યોગદાન આપ્યું છે. આપણી સ્વતંત્રતા અહિંસાના આંદોલનથી પ્રાપ્ત થઈ હતી, પરંતુ આપણી સેનાએ તેને જાળવવામાં ઘણું યોગદાન આપ્યું છે. ગઈકાલે હું ગૃહમાં બધાનું ભાષણ સાંભળી રહી હતી. સંરક્ષણ મંત્રીનું ભાષણ સાંભળતી વખતે, મને એક વાત ચિંતાજનક લાગી કે દરેક વસ્તુની ચર્ચા કરવામાં આવી હતી, ઈતિહાસ પણ શીખવવામાં આવ્યો હતો, પરંતુ એક વાત છોડી દેવામાં આવી હતી કે, ૨૨ એપ્રિલ ૨૦૨૫ના દિવસે જ્યારે ૨૬ નાગરિકોને તેમના પરિવારની સામે મારી નાખવામાં આવ્યા હતા, ત્યારે સવાલ થઈ રહ્યો છે કે, આ હુમલો થયો જ કેવી રીતે?'

આ વિશે વધુ વાત કરતા તેમણે કહ્યું કે, 'બૈસરન ખીણમાં આતંકવાદીઓ શું કરી રહ્યા હતા? છેલ્લાં કેટલાક સમયથી તમારી સરકાર પ્રચાર કરી રહી હતી કે કાશ્મીરમાં શાંતિ છે. વડાપ્રધાને પણ કહ્યું હતું કે, ત્યાં શાંતિનો માહોલ છે. તેથી આ જ કારણોસર કાનપુરના એક યુવક શુભમ દ્વિવેદીએ કાશ્મીર જવાનું નક્કી કર્યું. તેના લગ્ન છ મહિના પહેલા થયા હતા. ૨૨ એપ્રિલ ૨૦૨૫ ના રોજ બૈસરન ખીણમાં વાતાવરણ સારું હતું. દરરોજ હજારો લોકો આવતા હતા, તેથી તે દિવસે પણ મોટી સંખ્યામાં લોકો આવ્યા હતા. શુભમ તેની પત્ની સાથે એક સ્ટોલ પર ઊભો હતો. પછી જંગલમાંથી ચાર આતંકવાદીઓ બહાર આવ્યા અને તેની પત્નીની સામે જ શુભમની હત્યા કરી દેવાઈ. ત્યારબાદ, તેમણે એક કલાક સુધી એક પછી એક ૨૬ લોકોને મારી નાખ્યા. જ્યારે

શુભમની પત્ની ગભરાઈને ત્યાંથી ભાગી ગઈ, ત્યારે ખબર પડી કે ઘણા લોકો ભાગી રહ્યા હતા. પરંતુ, આ સમગ્ર ઘટના દરમિયાન તેમને એક પણ સુરક્ષા કર્મચારી દેખાયો નહીં. શું સરકારને ખબર નહોતી કે હજારો લોકો ત્યાં જાય છે? લોકો સરકાર પર વિશ્વાસ કરીને ત્યાં ગયા અને સરકારે તેમને ભગવાન ભરોસે છોડી દીધા. આ જવાબદારી કોની હતી?' પ્રિયંકા ગાંધીએ પહલગામ આતંકી હુમલાના જવાબદાર ટીઆરએફને લઈને સરકાર પર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું કે, 'ટીઆરએફે અનેક આતંકવાદી હુમલા કર્યા. ૨૦૨૦થી આંતકી હુમલા કરી રહેલા આ સંગઠનને ૨૦૨૩માં આતંકવાદી સંગઠન જાહેર કરવામાં આવ્યું. આ સંગઠન આટલા મોટા હુમલા કરતું રહ્યું અને સરકારને ખબર પણ ન પડી? આપણી એજન્સીની નિષ્ફળતાની જવાબદારી કોણ લેશે? શું કોઈએ રાજીનામું આપ્યું? ગુપ્ત વિભાગ ગૃહ મંત્રાલય હેઠળ આવે છે, શું ગૃહ મંત્રીએ તેની જવાબદારી લીધી? તમે ઈતિહાસની વાત કરો છો, હું વર્તમાનની વાત કરીશ. ૧૧ વર્ષથી તો તમારી સરકાર છે કોઈ જવાબદારી કેમ નથી લેતું?

વધુમાં તેમણે કહ્યું કે, 'મુંબઈ હુમલાની વાત કરવામાં આવી હતી. મુંબઈ હુમલામાં સામેલ તમામ આતંકવાદીઓને તે જ સમયે ઠાર કરી દેવામાં આવ્યા હતા. ગૃહમંત્રીએ રાજીનામું આપ્યું હતું. ત્યારે અમારી જવાબદારી જનતા પ્રત્યે હતી. અત્યારે દેશ જવાબ ઈચ્છે છે કે, ૨૨ એપ્રિલના દિવસે શું થયું હતું? સરકાર પોતે જ પોતાની પીઠ થપથપાવે છે. સંસદમાં ખોટું બોલે છે. પરંતુ, અમે હુમલા સમયે એકજૂટ થયા હતા. દેશ પર હુમલો થયો તો અમે બધાં જ તમને સમર્થન આપી રહ્યા હતા. સેના પર અમને ગર્વ છે કે, સેના વીરતાથી લડી પરંતુ, ઓપરેશનનો શ્રેય વડાપ્રધાન મોદી લઈ રહ્યા છે. પરંતુ, ફક્ત શ્રેય લેવાથી કંઈ નહીં થાય. જવાબદારી પણ લેવી જોઈએ. દેશના ઈતિહાસમાં પહેલીવાર યુદ્ધ થતા-થતા રોકાઈ ગયું. યુદ્ધ રોકાયું પરંતુ, તેની જાહેરાત પણ આપણી સરકારે કે સેનાએ નહીં પરંતુ અમેરિકન પ્રમુખે કરી! આ સરકારની ગેરજવાબદારી છે. ગૃહમંત્રીએ નહેરૂ, ઈંદિરા ગાધીએ શું કર્યું? મારી માતાના આંસુ સુધી પહોંચી ગયા પરંતુ, યુદ્ધ કેમ રોકાયું તેનો જવાબ ન આપ્યો.'

ભારતની વ્યૂહનીતિ પર વાત કરતા પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, આ આપણી વ્યૂહનીતિની નિષ્ફળતા છે. કારણ કે, સંઘર્ષ વિરામના થોડા જ સમયમાં પાકિસ્તાનના જનરલ અમેરિકન ટ્રમ્પ સાથે લંચ કરી રહ્યા હતા. તેની જવાબદારી કોણ લેશે? જો ઓપરેશન સિંદૂરમાં જહાજોનું નુકસાન નથી થયું તો ગૃહમાં જણાવવામાં શું જાય છે? આ સરકાર સવાલોથી બચે છે. તેમના હદયમાં જનતાનું કોઈ સ્થાન નથી. બધું રાજકારણ, પીઆર અને પ્રચાર છે.

સુરક્ષા વિશે વાત કરતા પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, અહીં ગૃહમાં બેઠેલા લગભગ બધાની પાસે સુરક્ષા છે. આપણે જ્યાં પણ જઈએ છીએ આપણને સુરક્ષા મળે છે. પરંતુ, એ દિવસે પહલગામમાં એ ૨૬ પરિવાર વેરવિખેર થઈ ગયા. ૨૬ દીકરા/ પતિ/ પિતા ગુજરી ગયા. તેમાંથી ૨૫ ભારતીય હતા. જેટલા પણ લોકો બૈસરન ખીણમાં હતા તેમની પાસે સુરક્ષા ન હતી, તમે ગમે તેટલા ઓપરેશન કરી લો, પરંતુ એ હકીકત નહીં છુપાવી શકો કે, ત્યારે આ સરકાર તે પરિવારોને સુરક્ષા આપી શકી નહીં.

### UPI એપ પરથી ફક્ત ૫૦ વખત જ બેલેન્સ ચેક કરી શકશે

# પહેલી ઓગસ્ટથી UPIમાં થશે 3 મોટા ફેરફાર

**નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા દ્વારા નવા નિયમો જાહેર કરવામાં આવ્યા છે, જેનો મુખ્ય હેતુ UPI સિસ્ટમ પરનો ભાર ઓછો કરવાનો છે**

નવીદિલ્હી, તા.૨૯

UPI દ્વારા પેમેન્ટ કરતા લોકો માટે ૧ ઓગસ્ટ, ૨૦૨૫થી મોટા ફેરફારો અમલમાં આવશે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા નવા નિયમો જાહેર કરવામાં આવ્યા છે, જેનો મુખ્ય હેતુ UPI સિસ્ટમ પરનો ભાર ઓછો કરવાનો છે. તો ચાલો જાણીએ કે શું મોટા ફેરફાર થશે...

૧. બેલેન્સ ચેક પર મર્યાદા

૧ ઓગસ્ટ ૨૦૨૫થી, યુઝર્સ એક દિવસમાં કોઈ એક UPI એપ પરથી ફક્ત ૫૦ વખત જ બેલેન્સ ચેક કરી શકશે. જો તમે બે એપ્સનો ઉપયોગ કરો છો, તો બંનેમાં અલગ-અલગ ૫૦ વખત ચેક કરી શકાશે.

આનાથી વધુ વખત બેલેન્સ જાણવા માટે તમારે તમારી બેંકની એપનો ઉપયોગ કરવો પડશે. NPCIનું કહેવું છે કે, ખાસ કરીને પીક અવર્સ (સવારે ૧૦ થી બપોરે ૧ અને સાંજે ૫ થી રાત્રે ૯:૩૦) દરમિયાન UPI સિસ્ટમ પર ઘણો ભાર પડે છે. વારંવાર બેલેન્સ ચેક કરવાથી સિસ્ટમ ધીમી પડે છે. સૌથી વધુ નાના દુકાનદારો જેવા કે ચા અને શાકભાજી વેચનારને ઘણીવાર વધુ વખત બેલેન્સ ચેક કરવાનું રહેતું હોય છે.

૨. ઓટો-પે પેમેન્ટ્સ હવે નોન-પીક અવર્સમાં થશે ઓટોપે મેન્ડેટ્સની મર્યાદા અને પ્રક્રિયામાં કોઈ ફેરફાર નહીં થાય. જોકે, હવે પીક અવર્સ (સવારે ૧૦ થી બપોરે ૧ અને સાંજે ૫ થી રાત્રે ૯:૩૦) દરમિયાન તમારા ખાતામાંથી પૈસા કપાશે નહીં. આવા પેમેન્ટ્સ ફક્ત નોન-પીક અવર્સમાં જ પ્રોસેસ થશે. એટલે કે, નેટફ્લિક્સ સબસ્ક્રિપ્શન, એપ સબસ્ક્રિપ્શન અથવા EMI જેવા ઓટો-પે ટ્રાન્ઝેક્શન પીક અવર્સમાં કપાશે નહીં.

૩. ટ્રાન્ઝેક્શન સ્ટેટસ ચેકની મર્યાદા જો કોઈ પેમેન્ટ અટકી જાય તો તમે તેનું સ્ટેટસ ૯૦ સેકન્ડ પછી જ ચેક કરી શકાશે. તેમજ ટ્રાન્ઝેક્શન સ્ટેટસ ચેક દિવસમાં માત્ર ૩ વખત જ કરી શકાશે. તેમજ આ કરવામાં માટે દર વખતે ૪૫-૬૦ સેકંડનું અંતર રાખવું જરૂરી છે. તેમજ હવેથી દરેક સફળ UPI ટ્રાન્ઝેક્શન પછી બેંક તમને તમારા ખાતામાં કેટલું બેલેન્સ બાકી છે તેની જાતે જાણ કરશે. આનાથી યુઝર્સને વારંવાર બેલેન્સ ચેક કરવાની જરૂર નહીં પડે અને સિસ્ટમ પરનો ભાર ઘટશે.આ ત્રણેય ફેરફારનો મુખ્ય હેત UPI સિસ્ટમ પરના દબાણને ઓછો કરવાનો છે. જણાવી દઈએ કે આ વર્ષે એપ્રિલ અને માર્ચ મહિનામાં UPI ડાઉન થવાને કારણે કરોડો યુઝર્સને મુશ્કેલી પડી હતી. આથી UPI સિસ્ટમ પરનું દબાણ ઓછું કરવામાં માટે આ બદલાવ લાવવામાં આવી રહ્યા છે.

# ચલાલા : ગાયત્રી સંસ્કારધામ ખાતે પવિત્ર માસ નિમિત્તે સોમનાથ મહાદેવની શિવ મહાપૂજાનો શુભારંભ



ચલાલા ગાયત્રી સંસ્કાર ધામ ખાતે પવિત્ર શ્રાવણ માસમાં સોમનાથ મહાદેવના મંદિરમાં શિવ મહાપૂજાનો પ્રારંભ કરવામાં આવેલ છે. જેમાં પ્રથમ દિવસથી જ મહાપૂજાનો લાભ સંસ્થાના વડા પૂ. સંત ડો. રતિદાદા, મંજુબા, ભારત ભૂષણ મહેશભાઈ, ડાયરેકટર શીતલબેન તથા સર્વ શકિત અને શિવભકતો લઈ રહ્યા છે. આખા શ્રાવણ માસ દરમ્યાન દરરોજ મહાપૂજા, આરતી, શણગાર વગેરે કરવામાં આવે છે. આ મહાપૂજા શાસ્ત્રી સનતદાદા દ્વારા કરવામાં આવે છે. તેથી સમગ્ર ગ્રામજનો તેમજ આસપાસના ભકતોને દર્શનનો લાભ લેવા વિનંતી.

## પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલાનાં શેલણા ગામનાં

વર્ષ સને ૨૦૧૮માં સાવરકુંડલા તાલુકાના શેલણા ગામના વતની અને મુંબઈ રહેતા આરોપી દિપકભાઈ ગોવિંદભાઈ ખુમાણ કે જેઓ વગર લાયસન્સે વ્યાજ વટાવનો ધંધો કરતા હોઈ તેમની પાસેથી રૂપિયા ૧,૧૦,૦૦૦ ત્રણ ટકાના ઉંચા વ્યાજે લીધેલ હતા. તેના બદલામાં આધેડના પિતા માવજીભાઈ રાજાભાઈ પુંઘેરાએ તેમના નામે શેલણા ગામે આવેલ રૂપિયા ૧,૧૧,૦૦૦ ની કિંમતના પ્લોટનું સીકયુરીટી પેટેનો કરારખત આરોપીને કરી આપેલ હતો. જયારે બાકી રહેતી વ્યાજની રકમ આધેડે આરોપીને રોકડા તથાઓનલાઈન મળીરૂપિયા૯૨,૦૦૦ ચુકતે કરેલ હતા. તેમ છતાં આરોપીએ આધેડ પાસેથી વધુપૈસા મેળવવામાટેથઈ ચક્રવૃધ્ધિ વ્યાજે રૂપિયાની ઉઘરાણી કરવા સારૂ અને ઠગાઈ કરવાનાઈરાદે આધેડ પાસેથી મેળવેલા સહી કરેલા કોરા ચેક બેંકમાં નાંખી ચેક બાઉન્સ કરાવી આધેડ સામે કોર્ટમાંદાવો દાખલ કરી અને બાદમાં સમાધાન પેટે રૂપિયા ૬ લાખની માંગણી કરી ખોટો કેસ કરી આધેડને નોકરીમાંથી બરતરફ કરાવવાની ધમકી આપ્યાની આધેડે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.


શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળઃ–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢરોડ, અમરેલી -Ad 116
સંકુલ M.Sc. માઈક્રોબાયોલોજી – બાયોટેક્નોલોજી પ્રવેશ
સંકુલ M.Com. ગુજરાતી & ઈંગ્લીશ મિડીયમ પ્રવેશ
સંકુલ M.A. મનોવિજ્ઞાન – સમાજશાસ્ત્ર – ઈંગ્લીશ પ્રવેશ
સંકુલ GTU - AICTE માન્ય MBA - MCA પ્રવેશ
B.Pharm.-M.Pharm.-B.Ed.-PG DMLT પ્રવેશ


## પાના ૮ ઉપરનું ચાલું ધારીનાં ગોવિંદપુર માર્ગ ઉપર

આવતો હોય છે. આની સાબિતી આપતો એક વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે.

વિગત એવા પ્રકારની છે કે, ધારી–ગોવિંદપુર માર્ગની વચ્ચે એક સિંહ ખિલેલી પ્રકૃતિ વચ્ચે એકલો અટુલો મોજ મસ્તી કરતો હોય તેવું દ્રશ્ય કોઈ વ્યકિતનાં કેમેરામાં કેદ થયા બાદ સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં સૌ પ્રકૃતિ પ્રેમીઓ પણ વિડીયો નિહાળી આનંદની લાગણી અનુભવી રહ્યા છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં યુવકે લેણદારની

પૈસા ઉછીના લીધેલ હતા અને હવે તેઓ બધા નાણાંની આકરી ઉઘરાણી કરતાં હોય તેમજ તોછડુ વર્તન પણ કરતા હોય અને તેમને પૈસા આપી દેવા માટે તાકીદ પણ કરતા હતા. જેથી રમીઝભાઈને લાગી આવતા ગત તા. ૨૮ના રોજ બપોરે ૨:૩૦ વાગ્યે મોટા કસબાવાડમાં પોતે પોતાની મેળે ફીનાઈલ ગટગટાવી જતા અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવારમાં ખસેડાયેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી જિલ્લાની જનતાને

જિલ્લાનાં મુખ્ય મથક અમરેલી શહેરમાં દરરોજ પીવાનું પાણી મળતું નથી, રખડતા પશુઓ, બંધ સ્ટ્રીટલાઈટ જેવી અગણિત સમસ્યાઓનો કોઈ નિકાલ જ થતો નથી. શહેરીજનો પણ અનુકુળતાંઅન્ય શહેરો તરફ સ્થળાંતર કરવા મજબુર બની રહ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં નીલગાય, ભૂંડ, આખલાઓ ઉપરાંત સિંહ, દીપડાની પણ રંજાડ વધી છે. તો કયાંક દારૂ, જુગાર, વ્યાજખોરી, બહેન–દીકરીઓની છેડતી જેવી ઘટના પણ બની રહી છે.

જિલ્લાની જનતા પેટે પાટા બાંધીને સરકારી કરવેરા ભરે બદલામાં સુવિધા મળતી નથી. છેલ્લા ૨૦ વર્ષથી જનતા ધારાસભ્ય અને સાંસદ બદલાવી બદલાવીને થાકી છતાં પણ કોઈ આગેવાન જિલ્લાની જનતાની વ્યથા, કરૂણા અને પીડાને સમજતા નથી અને સમજતાં હોય તેનું નિરાકરણ કરતા નથી. માત્ર આશ્વાસન ઉપર આશ્વાસન આપી રહ્યા છે.

જેવી રીતે પ્રધાનમંત્રીએ દેશની જનતાને ભારતને ૨૦૪૭માં વિકસિત કરવાની ખાત્રી આપી છે તેવી જ રીતે અમરેલી જિલ્લાનાં રાજકીય આગેવાનો આગામી પાંચ વર્ષમાં અમરેલીનો જબરદસ્ત વિકાસ થશે તેવું આશ્વાસન આપી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે.

જો કે જિલ્લાની જનતા પણ રાજકીય પક્ષોનાં પોકળ વચનો ઉપર ભરોસો ઓછો કરતી થઈ ગઈ છે અને તક મળે સ્થાળાંતર કરવા તૈયાર થઈ રહી છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં એશિયાનાં ગૌરવસમા

આ બંને સિંહની નજીકમાં બાઈક ઉભું રાખી દઈ આ બંને સિંહોને પસાર થવા દેવાને બદલે સિંહ સામે બાઈકની લાઈટ શરૂ રાખી અને સિંહને દોડવા માટે મજબૂર કરતાં હોય અને તે બનવાનો વીડિયો પણ મોબાઈલમાં ઉતારી સોશ્યલ મીડિયામાં વાયરલ કરેલ છે.

છાશવારે સિંહ જેવા ડાલામથ્થા પ્રાણીઓની પજવણી અને ગેરકાયદે ચાલતા સિંહ દર્શનના કારણે કેટલાંક છંછેડાયેલા સિંહો નિર્દોષ વ્યકિતઓ ઉપર હુમલાઓ કરતા હોય છે. જેને લઈ કેટલાંય લોકોના આવી ઘટનામાં જીવ પણ જાય છે. ત્યારે આવી ઘટનાનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં સિંહ પ્રેમીઓમાં ભારે રોષ ઉભો થયો હોય આવા વન્ય પ્રાણીઓની પજવણી કરનાર ઈસમોને ઝડપી પાડી કડકમાં કડક કાર્યવાહી કરવા માંગ ઉભી થવા પામી છે.

## પાના ૮ ઉપરનું ચાલું રાજુલાનાં છતડીયા માર્ગ ઉપર

રહેતા આરોપી પ્રદીપકુમાર શિવકુમાર મોબાઈલ નં. ૯૩૧૧૧ ૫૪૨૩૬ વાળા તથા ઓએનજીસી કંપની અધિકારી ક્રિષ્ના તીવારી મોબાઈલ નં. ૯૯૯૯૨ ૭૮૭૩૯ એ ગત તા. ૧/૨/૨૪ થી તા. ૫/૨/૨૫ દરમ્યાન રૂબરૂ તથા ફોન અને મેસેજથી સંપર્કમાં રહી હરેશભાઈ જગાભાઈ વાઘનું પીપાવાવ પોર્ટમાં ફોર–વે રોડ ઉપર આવેલ જય ભવાની એન્ટર પ્રાઈઝ નામે આવેલ ગોડાઉન ઓએનજીસી કંપની દિલ્હીને રૂપિયા ૪૫ લાખના માસીક ભાડાથી ૧૫ વર્ષ સુધીનો કોન્ટ્રાકટ અપાવવા માટે વિસ અપાવી હરેશભાઈ પાસેથી રૂપિયા એક કરોડ અઠયાવીસ લાખ લાખ આંગડીયા મારફતે રોકડા લઈ લીધા બાદ હરેશભાઈને ongc@ ongcmumbai.co.in ખોટા ઈ–મેઈલ આઈ.ડી. ઉપરથી એગ્રીમેન્ટ લેટર તેમજ રદ થયેલ ટેન્ડર નં. ZW5AC2500 ખોટો ટેન્ડર ઓર્ડર મોકલી રાજુલાના હરેશભાઈને સાથે બંને આરોપીઓએ છેતરપીંડી કર્યાની પીપાવાવ મરીન પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## અમરેલીનાં તપોવન આશ્રમે યજ્ઞમાં સહભાગી બનતો બથવાર પરિવાર



અમરેલી, તા. ૨૯

સારહિ પરિવારના સભ્ય જીતેન્દ્રભાઈ બથવાર સહ પરિવારને સારહિ યુથ કલબ ઓફ – અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમ ખાતે તા. ૨૭/૭/૨૦૨૫ નાં રોજ ગાયત્રી યજ્ઞમા બેસવાનો લાભ મળેલ અને યજ્ઞ વિધી કરેલ સારહી તપોવન આશ્રમમાં રહેતા તપસ્વીઓએ પણ યજ્ઞમા આહુતિ આપી (ગાયત્રી પરિવારમાંથી ગાયત્રી યજ્ઞ કરાવવા માટે શ્રીમતી ગીતાબેન બાવીશી આવેલ).

સારહી યુથ કલબ ઓફ અમરેલીનાં પ્રમુખ મુકેશભાઈ સંઘાણી તથા સારહી પરિવાર દ્વારા બથવાર પરિવારનો હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ.

## અવસાન નોંધ

**અમરેલી :** સ્વ. ધીરૂભાઈ રતીલાલ સોઢાનાં પત્ની વિજયાબેન તે દીપકભાઈ, જીતુભાઈના માતા, વિશાલ અને શુભમનાં દાદીનું તા. ૨૮નાં રોજ વડોદરા ખાતે અવસાન થયેલ છે. તેમની પ્રાર્થના સભા તા. ૩૧ને ગુરૂવારે સાંજે ૪ થી ૬ કલાકે દશા શ્રીમાળી જૈન મહાજન વાડી યુનિટ–૨, અમરેલી ખાતે રાખેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૦૦ | ૧૦૪૫ |
| ૨ | શિંગ મોટી | ૯૯૧ | ૧૦૬૨ |
| ૩ | શિંગદાણા | ૧૨૫૦ | ૧૪૨૬ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૫૦ | ૧૪૦૪ |
| ૫ | તલ સફેદ | ૧૦૮૦ | ૨૦૫૦ |
| ૬ | તલ કાળા | ૨૬૯૫ | ૪૦૧૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૨૦૦ | ૨૩૩૫ |
| ૮ | બાજરો | ૩૩૭ | ૫૦૩ |
| ૯ | જુવાર | ૪૭૬ | ૮૦૧ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૩૮૦ | ,૬૮ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૨૬ | ૫૬૯ |
| ૧૨ | મકાઈ | ૫૬૨ | ૫૬૨ |
| ૧૩ | મગ | ૧૧૯૦ | ૧૪૭૨ |
| ૧૪ | ચણા | ૯૮૬ | ૧૨૧૨ |
| ૧૫ | ચણા દેશી | ૧૧૬૬ | ૧૧૬૬ |
| ૧૬ | સફેદ ચણા | ૧૧૭૧ | ૧૨૩૬ |
| ૧૭ | તુવેર | ૯૯૦ | ૧૨૮૫ |
| ૧૮ | વાલ | ૬૫૬ | ૧૦૦૦ |
| ૧૯ | કપાસ | ૧૦૬૬ | ૧૬૮૪ |
| ૨૦ | એરંડા | ૧૦૨૦ | ૧૨૭૮ |
| ૨૧ | જીરૂ | ૨૮૦૦ | ૩૩૯૦ |
| ૨૨ | ઈસબગુલ | ૧૮૭૦ | ૧૮૭૦ |
| ૨૩ | ધાણી | ૧૦૦૦ | ૧૩૫૫ |
| ૨૪ | અજમા | ૯૫૦ | ૧૩૦૦ |
| ૨૫ | મેથી | ૭૦૦ | ૯૧૫ |
| ૨૬ | સોયાબીન | ૬૪૫ | ૮૪૧ |
| ૨૭ | કાંગ | ૫૨૫ | ૫૭૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૫૦ | ૧૧૨૫ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૩ | શીંગ દાણા | – | ૧૩૫૦ |
| ૪ | તલ સફેદ | ૧૪૦૦ | ૧૯૭૬ |
| ૫ | તલ કાળા | ૩૩૦૦ | ૩૯૧૮ |
| ૬ | જીરૂ | ૩૦૩૪ | ૩૫૮૦ |
| ૭ | કપાસ | ૧૧૮૫ | ૧૬૫૨ |
| ૮ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૨૨ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૪૨ |
| ૧૦ | બાજરો | ૩૫૦ | ૫૨૨ |
| ૧૧ | મગ | ૧૧૦૦ | ૧૩૦૮ |
| ૧૨ | અડદ | ૧૦૦૦ | ૧૨૪૨ |
| ૧૩ | ચણા | ૧૦૬૦ | ૧૨૧૦ |
| ૧૪ | તુવેર | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૧૫ | એરંડી | ૧૧૫૦ | ૧૨૮૨ |
| ૧૬ | સોયાબીન | ૭૫૦ | – |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં | ૫૧૦ | ૫૧૧ |
| ૨ | ચણા | ૧૧૬૦ | ૧૧૬૦ |
| ૩ | તલ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૪ | ધાણા | ૧૨૫૦ | ૧૩૦૦ |
| ૫ | બાજરો | ૩૨૧ | ૩૨૧ |
| ૬ | મગ | ૧૧૧૦ | ૧૧૧૦ |
| ૭ | સોયાબીન | ૭૮૫ | ૭૮૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૬૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૧૬ | ૫૫૧ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૧૨ | ૫૨૪ |
| ૪ | ચણા | ૯૫૫ | ૧૧૮૫ |
| ૫ | તલ સફેદ | ૧૩૦૦ | ૧૮૫૦ |
| ૬ | સોયાબીન | ૭૦૦ | ૮૧૫ |
| ૭ | ચણા સફેદ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૮ | ધાણા | ૧૦૦૦ | ૧૩૧૦ |
| ૯ | રાય | ૭૯૦ | ૯૦૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૩૦૦ | ૧૪૭૦ |
| ૧૧ | તલ કાળા | ૩૫૯૦ | ૩૫૯૦ |
| ૧૨ | બાજરો | ૪૩૦ | ૪૩૦ |
| ૧૩ | મગફળી | ૭૨૦ | ૯૨૦ |
| ૧૪ | મગ | ૧૧૫૦ | ૧૩૨૦ |
| ૧૫ | મકાઈ | ૩૩૫ | ૫૫૦ |
| ૧૬ | શીંગફાડા | ૧૧૮૫ | ૧૩૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૭૦ | ૧૬૫૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૦૦ | ૧૫૨૫ |
| ૩ | મગફળી | ૧૦૩૫ | ૧૦૯૫ |
| ૪ | તલ સફેદ | ૧૫૩૦ | ૧૭૮૦ |
| ૫ | તલ કાળા | ૩૦૫૫ | ૩૪૭૫ |
| ૬ | ઘઉં | ૪૭૫ | ૫૧૫ |
| ૭ | ચણા | ૧૦૧૮ | ૧૧૭૨ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૧૩ | ૧૦૪૧ |
| ૨ | તલ સફેદ | ૧૪૫૦ | ૧૯૫૫ |
| ૩ | તલ પીળા | ૧૯૪૧ | ૧૯૪૧ |
| ૪ | કપાસ | ૧૩૦૦ | ૧૪૦૦ |
| ૫ | બાજરો | ૩૫૦ | ૪૭૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૪૨ | ૫૭૨ |
| ૭ | જુવાર | ૫૦૧ | ૮૯૧ |
| ૮ | મકાઈ | ૪૧૬ | ૪૧૬ |
| ૯ | તુવેર | ૯૦૦ | ૧૨૭૦ |
| ૧૦ | ચણા | ૮૦૦ | ૧૨૨૫ |
| ૧૧ | જીરૂ | ૩૧૦૦ | ૩૧૦૦ |
| ૧૨ | એરંડી | ૧૧૮૦ | ૧૧૮૦ |
| ૧૩ | ધાણા | ૫૦૦ | ૫૦૦ |
| ૧૪ | સોયાબીન | ૮૧૧ | ૮૧૧ |
| ૧૫ | શીંગદાણા | ૧૪૦૦ | ૧૪૦૦ |

# અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસના વિદ્યાર્થીઓએ કલા મહાકુંભ તાલુકા કક્ષા સ્પર્ધામાં ટોપ–થ્રીમાં સ્થાન મેળવ્યું



અમરલી, તારીખ ૨૭ જુલાઈ ૨૦૨૫ના રોજ અમરેલી ખાતે તાલુકા કક્ષા કલા મહાકુંભ ૨૦૨૫નું આયોજન થયેલ. જેમાં તાલુકાની વિવિધ શાળાઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ અને શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ તેમજ જ્ઞાન શકિત રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એકસેલન્સના હોનહાર વિદ્યાર્થીઓએ વિવિધ કલાત્મક સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ટોપ–૩માં સ્થાન હાંસલ કર્યુ છે. વિદ્યાર્થીઓએ ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, સંગીત સ્પર્ધા, એકપાત્રીય અભિનય, ગરબા, સુગમ સંગીત, લોકગીત, તબલા વગેરે સ્પર્ધામાં પોતાની કૃતિઓ અને પ્રદર્શનથી ન્યાયાધીશો તેમજ દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા. જેમાં ૧) સોલંકી ઈશા– (નિબંધ) પ્રથમ સ્થાને, ૨) કાગડિયા મીનાક્ષી (સુગમસંગીત) તૃતીય સ્થાને, ૩) વાઢેર મનાલી, વાઘેલા ક્રિષ્ના, ચાંદુ જયરાજ, વાઘેલા પ્રદીપ, કરંગીયા બંસી, બારૈયા પાયલ, સુતરીયા વિરા (સમૂહગીત) તૃતીય સ્થાન ૪) ખીહડીયા જયપાલ (તબલા) તૃતીય સ્થાન, ૫) બસન રીતીક્ષા–(એકપાત્ર અભિનય) તૃતીય સ્થાન ૬) રાઠોડ હીનાલબા–(વકતૃત્વ) તૃતીય સ્થાન ૭) શેઠ દક્ષીદા (ચિત્ર) તૃતીય સ્થાન મેળવેલ આ તમામ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ પોતાનું પ્રતિભા અને કલાત્મકતાનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરૂ પાડી કળાની વિવિધ શૈલીઓમાં અભૂતપૂર્વ પ્રદર્શન કર્યુ હતું. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા દ્વારા વિદ્યાર્થીઓને સાહિત્ય અને કલા માટે સંસ્થામાં અલગ અલગ સુવિધાઓ ઉભી કરી બાળકોને સર્વાંગી શિક્ષણ એટલે કે શ્રેષ્ઠ અભ્યાસ સાથે બાળકોની સુષુપ્ત શકિતઓ જાગૃત કરી શ્રેષ્ઠ ઘડતર કરવામાં આવી રહ્યું છે કલા મહાકુંભમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખુંટ, કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવેલ હતા.

# અમરેલી ખાતે પોલીસ અધિક્ષક કચેરીમાં ‘ડાર્ક વેબ અને ડીપ વેબ’નો વર્કશોપ યોજાયો



જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી, અમરેલી ખાતે ‘ડાર્ક વેબ અને ડીપ વેબ’ વિષયક એક દિવસીય ટેકનિકલ વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ વર્કશોપ ડો.ગૌરવ દેશાણી દ્વારા લેવામાં આવ્યો અને તેમાં અમરેલી પોલીસના વિવિધ કેડરના પોલીસ અધિકારીઓએ ભાગ લીધો. સત્ર સવારે ૧૧:૦૦થી ૧૨:૩૦ દરમિયાન યોજાયું, જેમાં ડાર્ક વેબના TOR નેટવર્ક, ડિજિટલ પુરાવા મેળવવાની પદ્ધતિઓ તથા ડીપ વેબનો ગુનાહોની તપાસમાં ઉપયોગ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી. વર્કશોપ ખૂબ જ માહિતીપ્રદ અને ઈન્ટરએક્ટિવ રહ્યો હતો, જેમાં અધિકારીઓએ ટેકનિકલ જ્ઞાન મેળવ્યું અને સાઈબર ગુનાહોની તપાસ માટે ઉપયોગી અનુભવ પ્રાપ્ત કર્યો.

## અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં તજજ્ઞો દ્વારા બે દિવસીય ગણિત વર્કશોપનું આયોજન




અમરેલી, તા. ૨૯

અમરેલી શ્રીજી વિદ્યાર્થી ભુવન સરસ્વતી વિદ્યાલયમાં ગુજરાત ગણિત મંડળ તથા અમરેલી ગણિત વર્તુળ આયોજિત ‘બે દિવસીય ગણિત વર્કશોપ’નું તા. ૨૫ અને ૨૬ જુલાઈ રોજ આયોજન થયું હતું. જેમાં તજજ્ઞ વ્યાસ સર, પટેલ સર અને ડો. ગજજર સર ખાસ ઉપસ્થિત રહી ગણિત વિષયના કોયડાઓનો ઉકેલ, સરળતાથી ગણિત શીખવાની પધ્ધતિઓ, ગણિતને ગમ્મત સાથે જ્ઞાન મળે તેવી રીતથી શીખવાની શૈલીઓ સમજાવી હતી. વિદ્યાર્થીઓમાં ગણિત વિષયમાં રૂચિ વધે, ગણિત ભાર વગરનો અને મનગમતો થાય તેવા હેતુથી આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. તજજ્ઞો ધ્વારા મળેલ માર્ગદર્શનથી વિદ્યાર્થીઓ ખુબ જ પ્રભાવિત થયા હતા.

ગણિતના તજજ્ઞોની વિદ્યાર્થી પ્રત્યેની લાગણીને સંસ્થાએ બિરદાવી હતી. તજજ્ઞઓનું સંસ્થાના સંચાલક દિપકભાઈ વઘાસીયા તથા શિક્ષકગણ ધ્વારા પુષ્પગુચ્છ તથા પુસ્તક અર્પણ કરી ભાવથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ગણિતની સેવા કરવાની તેમની મહેનતને સંસ્થાવતી હૃદયપૂર્વક બિરદાવીને આભાર માનવામાં આવ્યો હતો.

## વડિયા : શિવાલયો હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠયા



તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ-વડીયા

વડિયા, તા. ૨૯

વડિયા સુરવો નદીના કિનારે આવેલ શ્રી બિલેશ્વર મહાદેવ મંદિર ખાતે આજે પ્રથમ શ્રાવણ માસના સોમવાર નિમિત્તે શિવલીંગ ઉપર અદ્‌ભુત શણગાર કરવામાં આવ્યો હતો. શિવ ભક્તો દ્વારા આજે અહીં બિરાજમાન પૌરાણીક બિલેશ્વર મહાદેવ મંદિર ખાતે શિવલિંગ પર દૂધ બિલીપત્ર સાથે અભિષેક કરવામાં આવ્યો હતો. શ્રાવણ માસ દરમિયાન અહીં મહિલાઓ અને ભક્તો દ્વારા જળ ાભિષેક સાથે ધુન ભજન કીર્તન કરવામાં આવી રહ્યું છે. ત્યારે અહીંના મહંત વિભુતીનાથબાપુ દ્વારા સેવા પુજા કરવામાં આવી રહી છે.

### શિક્ષણની સાથે સેવાકાર્ય કરતા શિક્ષક

## અમરેલીનાં વિઠ્ઠલપુરનાં શિક્ષક તુષાર જોષીએ ૭૫ વખત રકતદાન કર્યુ

### AB નેગેટિવ બ્લડગ્રૃપ હોય માંગ વધારે

અમરેલી, તા. ૨૯

અમરેલીનાં વિઠલપુર પ્રાથમિક શાળાનાં ૪૯ શિક્ષક તુષારભાઈ દલસુખભાઈ જોષી પોતાનાં નેગેટીવ બ્લડગ્રૃપ હોવા છતાં મનથી હંમેશા પોઝીટીવ રહી ઘણા દર્દીઓને જીવન દાન આપ્યુ છે. તેમનાં આ સેવા ભાવનાથી સમાજમાં રકતદાન અંગે જાગૃતિ ફેલાઈ



છે. અને અનેક લોકો માટે પ્રેરણા બની છે. વિઠલપુર પ્રાથમીક શાળાનાં સ્ટાફ મીત્રો પરિવારજનો તેમજ ગામલોકો તરફથી તેમને હાર્દિક અભિનંદન તેમજ શુભકામના પાઠવવામાં આવી છે. પ્રભુ તેમને વધુ આરોગ્ય, આનંદ અને ઉર્જા આપે તેઓ આવી જ રીતે સેવા કાર્ય કરતાં રહે.

## ધારી તાલુકા ભાજપના મહામંત્રી પદે મુકેશભાઈ રૂપારેલીયાની નિયુકિત

સાવરકુંડલા, તા. ૨૯

ધારી વેપારી મહામંડળના પ્રમુખ અને અમરેલી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ અને જીલ્લા અને તાલુકાની વિવિધ સંસ્થાઓ અને સંગઠનો સાથે સંકળાયેલા ભારતીય જનતા પક્ષના છેલ્લા અઢી દાયકાથી સક્રિય કાર્યકર અને રઘુવંશી સમાજના અગ્રણી અને વેપારી આગેવાન મુકેશભાઈ વ્રજલાલ રૂપારેલીયાની ધારી તાલુકા ભાજપના મહામંત્રી પદે વરણી કરવામાં આવી છે. પ્રદેશ જીલ્લા ભાજપ દ્વારા વરણી કરવામાં આવતાં કાર્યકર્તા, રઘુવંશી સમાજ વેપારી આલમ, વિવિધ



જ્ઞાતિ મંડળો દ્વારા જીલ્લાભરમાંથી અભિનંદન અને શુભેચ્છાઓની વર્ષા થઈ રહી છે.

## અમરેલીની હોકી ટીમની બહેનો અને ભાઈઓ વિવિધ સ્પર્ધામાં ભાગ લેશે



અમરેલી, તા. ૨૯

હોકી અમરેલી દ્વારા સુરત મુકામે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એસ્ટોટર્ફ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ ગુજરાત રાજય સબ જુનીયર ભાઈઓની સ્પર્ધામાં અને સબ જુનીયર બહેનોની સ્પર્ધામાં અમરેલી વિદ્યાસભામાં ચાલતી ડી.એલ.એસ.એસ. હોકી રમતના ભાઈ બહેનોએ વિદ્યાસભાના ડાયરેકટર પેથાણીના માર્ગદર્શન તળે તાલીમ મેળવેલ આ ટીમોએ સુંદર રમત રમી અને ગુજરાતની ટીમમાં ભાઈઓ કુલદીપ ભરતભાઈ બારૈયા તથા વિક્રમ ભાવસિંહ મોરી પસંદગી પામી ચેન્નાઈ ખાતે નેશનલ રમવા રવાના થયેલ છે. તેમજ બહેનોમાં સુષ્ટ્રિ લગભાઈ લાડુમોર, પૂર્વા કિશોરભાઈ આદ્રોજા તથા જાનવી ભરતભાઈ ભેડા કાકીનાડા ચેન્નાઈ ખાતે ભાગ લેવા ઓગસ્ટ માસમાં નેશનલ લેવલે રમવા જતા હોકી અમરેલીના પ્રમુખ જીતુભાઈ ડેર, સેક્રેટરી આઈ.પી. બારડ, ટ્રેઝરર બળદેવસિંહ ગોહીલ, વિદ્યાસભાના ડાયરેકટર પેથાણી તથા હોકી રમતના કોચ ટ્રેનર અને હોકી રમતના સીનીયર પ્લેયરોએ શુભેચ્છાઓ પાઠવે છે.

## રાજુલાની સંઘવી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજે સિધ્ધી મેળવી





અહેવાલ : યોગેશ કાનાબાર-રાજુલા

રાજુલા, તા. ૨૯

એચ.બી. સંઘવી મહિલા આટર્સએન્ડ કોમર્સકોલેજ, રાજુલાની એક માત્ર સંસ્થાએ આયએસઓ ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણ પત્ર પ્રાપ્ત કરીને મહત્વપૂર્ણ સીમાચિહ્ન રૂપ સિધ્ધિ પ્રાપ્ત કરેલ છે.

સંઘવી મહિલા કોલેજ ગુણવત્તાયુકત શિક્ષણ અને વહીવટી પારદર્શિતા અને શ્રેષ્ઠતા તથા કાર્યની આગવી દીર્ઘ દષ્ટિને પ્રાધાન્યતાની સાથે શિષ્ટ કાર્યપ્રણાલીની પ્રતિબધ્ધતા પર ભાર મૂકે છે. શૈક્ષણિક અને કાર્ય સંપૂર્ણતા માટે કોલેજની અવિરતકાર્ય શૈલીને હવે આંતરરાષ્ટ્રીયસ્તરે સત્તાવાર રીતે માન્યતા આપવામાં આવી છે. આ પ્રતિષ્ઠિત પ્રમાણપત્ર એચ.બી. સંઘવી મહિલા આટર્સ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા શિક્ષણ અને સંબંધિત સેવાઓની જોગવાઈમાં વૈશ્વિકસ્તરે સ્વીકૃત માન્ય ધોરણોનું પાલન કરવાની સાક્ષી આપે છે. આયએસઓ ૯૦૦૧:૨૦૧૫ માન્યતા સંસ્થાના સતત સુધારણા અને વિદ્યાર્થીનીઓના સંતોષ પ્રત્યેના સમર્પણને પ્રકાશિત કરે છે. એચ.બી. સંઘવી મહિલા આટર્સ એન્ડ કોમર્સકોલેજ દ્વારા આ પ્રમાણપત્રની સફળ પ્રાપ્તિ તેની ઝીણવટભરી પ્રક્રિયાઓ અને ઉદ્યોગની શ્રેષ્ઠ પ્રથાઓ સાથે સુસંગત મજબૂત ગુણવત્તા વ્યવસ્થાપન પ્રણાલીને પ્રતિબિંબિત કરે છે. આયએસઓ ૯૦૦૧:૨૦૧૫ માન્યતા ઉચ્ચ-ગુણવત્તાવાળા શિક્ષણ પ્રદાન કરવા અને તેના સંચાલનમાં તમામ સોપાનો સિધ્ધ કરવાની દિશામાં અગ્રેસર રહી છે. કોલેજની અનેરી સિધ્ધિનો યશ કોલેજના સર્વે ટ્રસ્ટી મહોદયની રાહબર હેઠળ તથા કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ તથા સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી તથા કેમ્પસ ડાયરેકટ ડો.જીગ્નેશભાઈ વાજાના માર્ગદર્શન હેઠળ સાથે પ્રિન્સીપાલ ડો. રીટાબેન રાવળ તથા અધ્યાપક સર્વનો સહયોગ રહ્યો હતો.

## સાવરકુંડલાનાં શિવભકત મહાદેવની દરરોજ શાસ્ત્રોકત વિધિથી કરે છે પુજા



સાવરકુંડલા, તા. ૨૯

આમ તો ભારતીય સનાતની સંસ્કૃતિના પાવન પર્વસમાન શ્રાવણ માસનો પ્રારંભ ગતરોજ થઈ ગયો છે. લોકો પોતાની શ્રધ્ધા અને આસ્થા મુજબ શિવમંદિરોમાં જઈ દેવાધિદેવ મહાદેવની પૂજા અર્ચના કરતાં જોવા મળે છે. આજરોજ શ્રાવણના બીજો દિવસે સાવરકુંડલા ખાતે દરેક શિવમંદિરોમાં વહેલી સવારથી જ શિવમંદિરોમાં ભાવિકો શિવ દર્શન માટે ઉમટી પડતાં જોવા મળેલ. આમતો શ્રાવણ માસના સોમવારે શિવ મંદિરોમાં વધુ ભીડ હોય છે. પરંતુ શ્રાવણ માસના અન્ય દિવસે પણ અનેક શિવભક્તો શિવમંદિરોમાં ભગવાન ભોળાનાથને જલાભિષેક કરતાં જોવા મળે છે. શિવભક્તો પોતાની શક્તિ અને આસ્થા મુજબ પૂજન અર્ચન કરતાં જોવા મળે છે. આ શ્રાવણ માસ દરમિયાન અનેક શિવભક્તો આ સમગ્ર માસ દરમિયાન એકટાંણાં કરીને શિવજીના આશીર્વાદ મેળવતા હોય છે. આજરોજ સવારે એક વિદ્વાન શિવભક્ત અહીં ઓમકારેશ્વર મહાદેવ મંદિરે પૂરા મંત્રોચ્ચાર સાથે શિવપૂજા કરતા જોવા મળેલ. આમ તો આ એક એવા શિવભક્ત છે. જે બારે માસ સવારે સાવરકુંડલા નાગનાથ સોસાયટી ખાતે આવેલ ઓમકારશ્વર મહાદેવ મંદિરે પૂર્ણ શ્રધ્ધા આસ્થા અને સંપૂર્ણ વિધિ વિધાન સાથે ભગવાન ભોળાનાથના શિવલિંગને જલાભિષેક દુગ્ધાભિષેક સહિત અબીલ ગુલાલ, બિલ્વપત્ર, પુષ્પ, કાળા તલ વગેરે પૂજા સામગ્રી સાથે નિત્ય સવારે ભગવાન શિવજીની ઉપાસના અને આરાધના કરતાં જોવા મળે છે. ભારતીય સનાતની સંસ્કૃતિમાં આવા ચુસ્ત શિવ ઉપાસક પણ અનેક છે. કદાચ ભારતીય સંસ્કૃતિની આ અસ્મિતાને કારણે જ હિંદુ ધર્મનું સાતત્ય અહર્નિશ ટકેલું છે અને સદૈવ રહેશે. આમ તો કંબોડિયા અને થાઈલેન્ડ મંદિર મુદ્દે જંગે ચડયા છે. ત્યારે શ્રાવણ માસમાં સાવરકુંડલા શહેરમાં શિવભક્તો મનભરીને શિવજીને રાજી કરવા પ્રયાસ કરી રહ્યા છે. આમ ગણીએ તો શ્રાવણ માસ દરમ્યાન શિવજીની પૂજન અર્ચનનું વિશેષ મહત્વ પણ છે.

## શિવકથા




અમરેલી, તા. ૨૯

ભોળાનાથ સુખ, શાંતિ, એર્યા અને માંગલ્યના ભંડાર છે. જે કલ્યાણ કરે છે અથવા જેનાથી કલ્યાણ જ થાય છે. તે ભોળાનાથ શંકર છે. સંસ્કૃત સાહિત્યનો એવો કોઈ ગ્રંથ નહીં હોય જયાં શંકરના નામનો ઉલ્લેખ ન હોય. નૃત્ય, કલા અને સંગીતમાં આધ્યાચાર્યનટરાજ શિવજીનું પ્રતીક છે. ભારતમાં દક્ષિણમાં રામેર, ઉત્તરમાં કેદારનાથ, પશ્ચિમમાં ગુજરાતમાં સોમનાથ, કાશીમાં વિનાથ ઉજ્જૈનમાં અને મહાકાલેર પવિત્ર શિવાલય છે. શિવજીના મસ્તકની ગંગાએ એક જ્ઞાન ગંગા છે. શિવજી નાના દેવતા છે. શિવજીની ઉપાસના કરવાથી મનોવાંછિત ફળ પ્રાપ્ત થાય છે. શિવજી જ્ઞાનના દેવતા છે.

**લેખિકા: દિપ્તીબેન પી. રાવલ, ઉપલેટા**

# દામનગર નાગરિક શરાફી સહકારી મંડળીનાં વાર્ષિક સાધારણ સભા હરજીભાઈ નારોલાનાં અધ્યક્ષ સ્થાને મળી



દામનગર નાગરિક શરાફી સહકારી મંડળી લી.ની ૨૮મી વાર્ષિક સાધારણ સભા મંડળીના સ્થાપક ચેરમેન હરજીભાઈ નારોલાના અધ્યક્ષ સ્થાને મળી હતી. વાર્ષિક હિસાબો જાહેર કરતા ચેરમેને જણાવ્યું હતું કે ૩૧૩૫ સભાસદો ધરાવતી મંડળીનું ધીરાણ રૂ.૭૬૯ લાખ છે મંડળીએ ગત વર્ષે ૭૧.૩ લાખનો ચોખ્ખો નફો કરેલ છે. મંડળી ૪૩૬ લાખની થાપણ ધરાવે છે. સ્થાપના કાળથીજ ઓડીટ વર્ગ ‘‘અ’’ સતત આવે છે. મંડળીનું એન.પી.એ ૦ શુન્ય છે. સભાસદોને ૧૦% ડીવીડન્ડ ઉપરાંત સભાસદ ભેટ આપવાનું જાહેર કરવામાં આવતા, સભાસદોમાં હર્ષની લાગણી વ્યાપેલ છે. સભાસદનું આકસ્મિક મૃત્યુ થાય તો પચાસ હજારની સહાય સ્વભંડોળ માંથી કરવામાં આવે છે. મંડળીના સ્થાપક ચેરમેન હરજીભાઈ નારોલા સ્થાપના કાળ ૧૯૯૭થી સતત મંડળીનું સુકાન સંભાળી રહ્યા છે. મંડળી અવિરત પણે પ્રગતિ કરી રહી છે. આજની વાર્ષિક સાધારણ સભામાં ખુબ જ મોટી સંખ્યામાં મંડળીના સભાસદો ઉપરાંત અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંકના અધિકારીઓ સામાજિક આગેવાનો, રાજકીય અગ્રણીઓ, સામાજિક સંસ્થાઓના હોદેદારો અને પત્રકાર મિત્રો સહીત મંડળીના ડીરેક્ટરો હાજર રહ્યા હતા. મંડળીના વાઈસ ચેરમેન વસંતભાઈ મોણપરાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. જયારે આભારવિધી મેનેજર દિનેશભાઈ પટેલે કરી હતી, કાર્યક્રમને સફળ બનાવવા જય નારોલા, નીતિન ચૌહાણ, સીરાજભાઈ ભારમલ વિગેરેએ જહેમત ઉઠાવી હતી.

## વાદ નહિ વિવાદ નહિ, વિકાસ સિવાય વાત નહિ, વણથંભી વિકાસયાત્રા, સૌનો સાથ સૌના વિકાસનું સુત્ર પોકળ સાબિત

# અમરેલી જિલ્લાની જનતાને વિકાસરૂપી મામાનું ઘર નજીક આવતુ જ નથી

**મામાનું ઘર કેટલે તો કે સામે દિવો બળે તે કહેવત વિકાસ માટે સાર્થક થઈ રહી છે**

**જિલ્લાની જનતાને છેલ્લા ૨૦ વર્ષથી રાજકીય આગેવાનો દૂરથી વિકાસનાં દર્શન કરાવી દે છે**

**પીવા અને સિંચાઈનું પાણી, ફોરલેન માર્ગો, બ્રોડગેજ રેલ્વે, ઉચ્ચ શિક્ષણ જેવી અગણિત સુવિધાનો અભાવ**

**જિલ્લાની જનતા ધારાસભ્ય અને સાંસદ બદલાવી બદલાવીને થાકી છતાં ગાંડો વિકાસ થતો નથી**

અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લાની ૧૫ લાખની જનતા છેલ્લા ૨૦ વર્ષથી વિકાસની માંગ કરી રહી છે અને છેલ્લા ૨૦વર્ષથી વાદ નહિ વિવાદ નહિ, વિકાસ સિવાય વાત નહિ, સૌનો સાથ સૌનો વિકાસ, વણથંભી વિકાસ યાત્રા જેવા ડઝનજેટલા વિકાસનાં સુત્રો સાંભળ્યા અને સહન કર્યા બાદ આજે પણ વિકાસ ગાંડો હાથ કે નજરે આવતો નથી.

અમરેલી જિલ્લામાં આજે પીવા અને સિંચાઈ માટે પાણીનો અભાવ છે, ઉદ્યોગોનાં અભાવે નવયુવાનોને રોજગારી મળતી નથી, જિલ્લામાં ફોરલેન કક્ષાનાં માર્ગો કયાંય નથી, હીરા ઉદ્યોગ મંદીમાં સપડાયો છે, ખેડૂતોને હંમેશા ખાતરનો અભાવ પરેશાન કરે છે સાથોસાથ એતી ઉત્પાદનોનાં પોષણક્ષમ ભાવો મળતાં નથી, અતિવૃષ્ટિ કે વાવાઝોડા વખતે ખેતી પાકોને નુકસાન થાય તો નુકસાનીનાં પ્રમાણમાં વીમો મળતો નથી.

તદુઉપરાંત, જિલ્લાની મોટાભાગની જનતા ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરે છે. જયાં એસ.ટી. બસનો અભાવ હોવાની સાથે સારૂ શિક્ષણ આપતી સરકારી શાળા નથી, સારી સારવાર કરતી સરકારી હોસ્પિટલ નથી, શાળા હોય તો શિક્ષકો ન હોય, દવાખાનું હોય તો ડોકટર હોતા નથી, પશુ દવાખાનું હોતુ નથી, હોય તો પશુ ચિકિત્સક હોતા નથી, ગ્રામ્ય માર્ગો અતિ બિસ્માર જોવા મળે છે.

અનુસંધાન પાના ૬ ઉપર

---

## જગતાત ગણાતા ખેડૂતો એક સાંધે તો તેર તૂટેની સ્થિતિમાં

# બાબરાનાં વલારડી ગામનાં ખેડૂતો આખલા, નીલગાય અને ભૂંડથી ત્રાહિમામ પોકારી ગયા

**ખાતર, પોષણક્ષમ ભાવ બાદ વધુ એક ઉપાધિ**



અમરેલી, તા. ૨૯

બાબરાનાં વલારડીનાં ખેડૂતો અપૂરતા ખાતર, પોષણક્ષમ ભાવના અભાવ વચ્ચે પરેશાન હોય તે સમયે હવે નિલગાય, આખલ અને ભૂંડ ખેતરમાં ઉભા પાકોને નુકસાન કરતાં હોય ખેડૂતોએ અમરેલી ખાતે જિલ્લા કલેકટરને વેદનાપત્ર પાઠવેલ છે.

---

## વરસાદી માહોલમાં જંગલનો રાજા કરે છે મોજે મોજ

# ધારીનાં ગોવિંદપુર માર્ગ ઉપર જંગલનાં રાજા સિંહનો મનમોહક વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ

**સિંહ જેવું હિંસક પ્રાણી પણ ખિલેલી પ્રકૃતિથી ખૂશ થાય છે**



અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લામાં છેલ્લા થોડા દિવસથી અવિરત મેઘવર્ષાનાં કારણે સમગ્ર વિસ્તારમાં પ્રકૃતિ સોળે કળાએ ખિલી ઉઠી છે. નદીઓ, ચેકડેમ, તળાવો પાણીથી છલોછલ છે. સમગ્ર દ્રશ્ય મનમોહક જોવા મળે છે. જે રીતે પ્રકૃતિને નિહાળીને આમ આદમી પણ ખૂશ થતો હોય છે તેવી જ રીતે જંગલનો રાજા સિંહ પણ પ્રકૃતિપ્રેમી હોય છે અને તેને પણ પ્રકૃતિ નિહાળીને આનંદ

અનુસંધાન પાના ૬ ઉપર

---

## દિલ્હી ખાતે રહેતા બે ઈસમોનું કારસ્તાન

# રાજુલાનાં છતડીયા માર્ગ ઉપર રહેતા હરેશભાઈ વાઘ સાથે સવા કરોડ રૂપિયાની છેતરપીંડી

**ગોડાઉન ભાડાનાં નામે રૂપિયા પડાવી લીધા**

અમરેલી, તા. ૨૯

રાજુલા ગામે આવેલ છતડીયા રોડ ઉપર સવિતાનગર–૨ માં આવેલ કનકેરી કૃપામાં રહેતા હરેશભાઈ જગાભાઈ વાઘ સાથે દિલ્હી

અનુસંધાન પાના ૬ ઉપર

---

## મોટા કસ્બાવાડમાં રહેતા અને ફ્રૂટની રેંકડી ધરાવતા

# અમરેલીનાં યુવકે લેણદારની સતત ઉઘરાણીથી કંટાળીને ફિનાઈલ ગટગટાવી

**યુવકને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા**

અમરેલી, તા. ૨૯

અમરેલીના મુસ્લિમ યુવકે ઉછીનાં લીધેલ નાણાંની લેણદાર દ્વારા ઉઘરાણી કરતાં લાગી આવતાં પોતે પોતાની મેળે મેળે ફીનાઈલ ગટગટાવી જતા અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવારમાં ખસેડાયેલ છે.

અમરેલીના મોટા કસ્બાવાડમાં આવેલ જુમ્મા મસ્જિદ પાસે ધનજી ઢોળાનું નાકું તરીકે ઓળખાતા વિસ્તારમાં રહેતા અને ફ્રુટની લારી ચલાવતાં રમીઝભાઈ રફિકભાઈ નાગાણી નામના ૩૦ વર્ષિય યુવકે હાર્દિકભાઈ દરબાર, ખુશ્બુબેન વાહીદભાઈ મલેક, મેરામ આપા તથા હનીફભાઈ મહુવાવાળા પાસેથી છેલ્લા છેલ્લા એક વર્ષથી પોતાના ધંધા માટે થઈ

અનુસંધાન પાના ૬ ઉપર

---

## ફતેપુર, ખંભાળીયા, ચાંપાથળ, પીઠવાજાળ સહિતનાં ગ્રામજનોની અવરજવર

# હે રામ : અમરેલીથી ભોજલધામ (ફતેપુર) જતાં માર્ગ ઉપર મરેલા પશુઓનું માંસ જોવા મળે છે

**અવારનવાર રજુઆત છતાં નિસ્ક્રીય તંત્ર આળશ ખંખેરતુ નથી**

અમરેલી, તા. ૨૯

અમરેલી ફતેપુર (ભોજલધામ) ખંભાળીયા, ચાંપાથળ, પીઠવાજાળ, તરકતળાવ, રાજસ્થળી ગામોને જોડતા આ રોડની સાઈડમાં મરેલા પશુના હાડકા, માંસ, ચામડા નખાતા હોવાથી અહીં અતિ દુર્ગંધ આવતી હોય જેથી ઉપરોકત તમામ ગામના લોકો આ રોડ પરથી પસાર થાય ત્યારે અતિ દુર્ગંધ આવવાના કારણે રાહદારીઓ ત્રાહીમામ પોકારી ગયા છે. આ ઉપરાંત ફતેપુરા ગામમાં સંત ભોજલરામ બાપાનું મંદિર હોઈ, અનેક શ્રધ્ધાળુઓ પગપાળા ચાલીને પણ અહીં પોતાની માનતા પુરી કરવા આવતા હોઈ જેથી રસ્તા ઉપર હાડકા, માંસ વગેરેના કારણે આવા શ્રધ્ધાળુઓની લાગણી પણ દુભાય છે અને આગામી તા. ૩/૮/૨૫ને રવિવારના રોજ સંત ભોજલરામ બાપાની ૨૪૨મી જન્મ જયંતી હોઈ, આપણી સનાતન પરંપરા મુજબ અમરેલી નાગનાથ મહાદેવ મંદિરથી ફતેપુરા (ભોજલધામ) પદયાત્રાનું આયોજન હોય જેમાં અમરેલીની ધર્મપ્રેમી જનતા હજારોની સંખ્યામાં આ ધાર્મિક ઉત્સવ–પદયાત્રામાં સહભાગી બની પગપાળા ચાલી ભોજલરામ બાપાના સાનિધ્યમાં શીશ ઝુકાવી ધન્યતા અનુભવતા હોય જેથી રોડ સાઈડ અતિ દુર્ગંધ મારતી ગંદકી સત્વરે દુર કરવા તેમજ કાયમી ધોરણે અહીં ગંદકી ન થવા દેવા અંતમાં માંગ કરેલ છે.

---

## મુંબઈ ખાતે રહેતા ઈસમ સામે ફરિયાદ

# સાવરકુંડલાનાં શેલણા ગામનાં અને દાહોદ ખાતે રહેતા આધેડને નોકરીમાંથી બરતરફ કરાવવાની ધમકી

**ઉછીના નાણા લીધેલ બાબતે થઈ માથાકૂટ**

અમરેલી, તા. ૨૯

સાવરકુંડલા તાલુકાના શેલણા ગામના વતની અને હાલ દાહોદ ગામે રહેતા અને નોકરી કરતાં રમેશભાઈ માવજીભાઈ પરમાર (પુંઘેરા) નામના ૪૭ વર્ષિય આધેડ તથા તેમનાં પિતાએ

અનુસંધાન પાના ૬ ઉપર















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)